આજનો સુવિચાર

ઉદાસ થવું એ ખોટી વાત નથી, પણ એક જ વાત પર વારંવાર ઉદાસ થવું એ સારી વાત નથી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૦૮ જૂનાગઢ તા.૧૪-૦૮-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 208, Junagadh : Date : 14 August, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દરમ્યાન

## દિલ્હીમાં ત્રાસવાદી હુમલાની આશંકાને પગલે હાઈએલર્ટ



નવી દિલ્હી, તા.૧૪ :

૧૫ ઓગસ્ટની આસપાસ દિલ્હીમાં આતંકી હુમલાની આશંકાને પગલે ગુપ્તચર એજન્સીઓએ મલ્ટી ટેરર એલર્ટ જાહેર કર્યુ છે. પોલીસે યમુના ખાદર સહિત દિલ્હીના ઘણા વિસ્તારોમાં સઘન સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. વાહનોની તપાસ કરવામાં આવી રહી છે.

આતંકવાદીઓ ૧૫ ઓગસ્ટની આસપાસ કોઈ મોટા હુમલાની યોજના બનાવી શકે છે, જેમાં માનવ બોમ્બના રૂપમાં હુમલો થવાની સંભાવના છે. આતંકવાદીઓ VVIP લોકોને નિશાન બનાવી શકે છે, જેના કારણે સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે.આ એલર્ટની માહિતી અનુસાર, જમ્મુ-કાશ્મીરમાં તાજેતરના આતંકવાદી હુમલાઓને ધ્યાનમાં રાખીને દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવાની સલાહ આપવામાં આવી છે. પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI લશ્કર-એ-તૈયબા, TRF અને જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનોને દરેક રીતે સમર્થન આપી રહી છે અને તેમને ભારતમાં હુમલા કરવા માટે ઉશ્કેરે છે.આ એલર્ટે સુરક્ષા એજન્સીઓને એલર્ટ પર મૂકી દીધી છે, ખાસ કરીને એવા સમયે જ્યારે સ્વતંત્રતા દિવસ નજીક છે. આવી સ્થિતિમાં, રાષ્ટ્રીય રાજધાનીમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ કડક કરવા સૂચના આપવામાં આવી છે, જેથી કોઈપણ સંભવિત હુમલાને નિષ્ફળ બનાવી શકાય.

## જમ્મુ-કાશ્મીરના ડોડામાં સૈન્ય અધિકારી શહિદ

જમ્મુ તા.૧૪

જમ્મુ કાશ્મીરના ડોડા જીલ્લામાં સુરક્ષા દળો દ્વારા એક કાર્યવાહી દરમ્યાન ત્રાસવાદીઓ સાથેના એન્કાઉન્ટરમાં સૈન્યના એક અધિકારી શહિદ થયા છે. આ લખાઈ રહ્યું છે ત્યારે પણ એન્કાઉન્ટર ચાલુ છે અને સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે.

## આવતીકાલે નડીયાદમાં રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજયપાલ આચાર્ય દેવવ્રત નડીયાદ પહોંચ્યા : ખેડા જીલ્લાના વિકાસ માટે રૂા.૧૧૮.૫૪ કરોડના વિકાસકાર્યોની ભેટ અપાશે

નડિયાદ,તા.૧૪

સંત, સાક્ષર અને સરદારની ભૂમિ એવા નડિયાદમાં ૭૮માં સ્વતંત્ર્ય પર્વની રાજય કક્ષાની ઉજવણી થનાર છે. જિલ્લા કલેકટર અમીત પ્રકાશ યાદવના માર્ગદર્શન હેઠળ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે યોજાનાર તમામ કાર્યક્રમોને આખરી ઓપ આપવામાં આવ્યો છે. ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજરોજ નડિયાદના મહેમાન બનશે.

આજે સાંજના ૪ કલાકે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શહેરના યોગી ફાર્મ ખાતે યોજાનાર એટ હોમ કાર્યક્રમમાં રાજયપાલ તેમજ મુખ્યમંત્રી સહભાગી થશે. ત્યારબાદ સ્વતંત્ર દિવસની પૂર્વ સંધ્યાએ ડાકોર રોડ પર આવેલા હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર ખેડાનું ખમીર સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે. આ મલ્ટીમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ખેડા જિલ્લાના પ્રાગૈતિહાસિક યુગથી લઈ સમકાલીન ખેડા જિલ્લાના વિકાસની વાતને આવરી લેવામાં આવી છે. આ કાર્યક્રમમાં સ્થાનિક નડિયાદ કલા મંદિરના ૪૦ સહિત ૨૨૫થી વધુ નાટક નૃત્ય કલાકારો સાથે આ કાર્યક્રમની પ્રસ્તુતિ કરશે.

## આગામી અઠવાડીયે જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી જાહેર થવાની શક્યતા

શ્રીનગર,તા. ૧૪:

જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીને લઈને મોટી જાણકારી બહાર આવી રહી છે. ચૂંટણી પંચ આગામી અઠવાડીયે ચૂંટણીની જાહેરાત કરી શકે છે. કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરમાં પાંચ તબક્કામાં ચૂંટણી થઈ શકે છે. ચૂંટણી પંચ આ અઠવાડીયાના અંત સુધીમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય સાથે એક બેઠક કરશે. તેમાં સુરક્ષા પર સમીક્ષા કરવામાં આવશે. પછી ચૂંટણી પંચ તરફથી જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીની તારીખનો અંતિમ નિર્ણય લેવામાં આવશે.

મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારના નેતૃત્વમાં આખું પંચ ૮થી ૧૦ ઓગસ્ટ સુધી ચૂંટણીની તૈયારીને લઈને શ્રીનગર અને જમ્મુની મુલાકાત લઈ ચુક્યા છે. વર્ષ ૨૦૧૪માં જમ્મુ કાશ્મીરમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીનું આયોજન પાંચ તબક્કામાં થયું હતું.

### અદાણી કૌભાંડની જેપીસી તપાસ અને જાતિ આધારીત વસ્તી ગણતરીની માંગણી સાથે

## કોંગ્રેસ ૨૨ ઓગષ્ટે દેશવ્યાપી આંદોલન કરશે



નવી દિલ્હી, તા.૧૪ :

હિંડનબર્ગ રિસર્ચના નવા અહેવાલ વચ્ચે, કોંગ્રેસે ગઈકાલે જાહેરાત કરી કે તે અદાણી જૂથ સાથે સંબંધિત 'મેગા કૌભાંડ'ની તપાસ માટે સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) અને જાતિની વસ્તી ગણતરીની રચનાની માંગ સાથે દેશભરમાં જન આંદોલન શરૂ કરશે. કોંગ્રેસ ૨૨ ઓગષ્ટે આ માટે દેશભરમાં વિરોધ પ્રદર્શન થશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે પાર્ટીના મહાસચિવો, પ્રદેશ પ્રભારીઓ અને પ્રદેશ કોંગ્રેસ સમિતિના વડાઓની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સંગઠન મહામંત્રી કે. સી. વેણુગોપાલે કહ્યું કે ૨૨ ઓગસ્ટે દેશવ્યાપી આંદોલન બે માંગણીઓ પર હશે. પ્રથમ માંગણી એ છે કે સેબી ચીફ માધવી પુરી બુચે રાજીનામું આપવું જોઈએ. બીજી માંગ એ છે કે અદાણી 'મેગા સ્કેમ'ની તપાસ માટે જેપીસીની રચના થવી જોઈએ. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મીટિંગ પછી સોશિયલ મીડિયા પર લખ્યું કે સેબી અને અદાણી વચ્ચેની સાંઠગાંઠના ચોંકાવનારા ઘટસ્ફોટની સંપૂર્ણ તપાસ કરવાની જરૂર છે. શેરબજારમાં નાના રોકાણકારોના પૈસા જોખમમાં ન મુકી શકાય. મોદી સરકારે તાત્કાલિક સેબી ચીફના રાજીનામાની માંગ કરવી જોઈએ.

## અયોધ્યામાં રામપથ પર લાગેલી ૩૮૦૦ હાઈટેક લાઈટની ચોરી થઈ ગઈ

અયોધ્યા,તા.૧૪:

પ્રભુ રામની નગરી અયોધ્યામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેને સાંભળ્યા બાદ સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા છે. હકીકતમાં જોઈએ તો, અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા પહેલા રામ મંદિર સુધી જવા માટે રાજયની યોગી સરકારે અત્યાધુનિક સુવિધાઓથી ભરપૂર ત્રણ પથ બનાવ્યા હતા. જેમાં સૌથી લાંબો રામ પથ તો બીજો જન્મભૂમિ પથ અને ત્રીજો ભક્તિ પથ બનાવ્યો છે.

આ જ પથ પર હાઈટેક લાઈટિંગ પણ લગાવી હતી. ખાસ વાત એ છે કે, રામપથના સાઈડમાં ઝાડ પર લાઈટિંગ કરવામાં આવી હતી. જેથી શ્રદ્ધાળુઓને પ્રભુ રામની નગરી અયોધ્યા રાતમાં પણ દિવસ જેવું લાગે.

હકીકત જોઈએ તો, રામપથ અને ભક્તિ પથ પર લાગેલી ૩૮૦૦ લાઈટ અને ૩૬ ગોબો પ્રોજેક્ટર લાઈટની ચોરી થઈ ગઈ છે. યશ ઈન્ટરપ્રાઈઝીઝના કર્મચારી શેખર શર્માએ અજાણ્યા લોકો વિરુદ્ધ રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. રામપથ પર ૬૪૦૦ બાંબૂ લાઈટ લગાવી હતી. આ ઉપરાંત ભક્તિ પથ પર ૯૬ ગોબો પ્રોજેક્ટ લાઈટ પણ લગાવી હતી. જેને ચોર લોકો ચોરી કરીને લઈ ગયા છે. ધર્મની નગરી અયોધ્યામાં આ કિસ્સો ચર્ચાનો વિષય બન્યો છે.

## ગાંધીનગરમાં દશામાંની મૂર્તિ વિર્સજન દરમ્યાન કરૂણાંતીકા : ડુબી જવાથી ત્રણનાં મોત

ગાંધીનગર તા.૧૪

ગાંધીનગરના સેક્ટર - ૩૦ સાબરમતી નદીમાં અમદાવાદથી ટેમ્પામાં મૂર્તિ પધરાવવા માટે કેટલાક લોકો આવ્યા હતા. ત્યારે એક બાર વર્ષની કિશોરી ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. જેને બચાવવા માટે ચાર લોકો નદીમાં કૂદ્યા હતા. જોકે, ઊંડા પાણીમાં ગરકાવ થતાં એક બાદ એક ત્રણ લોકોના મોત થયા હતા. જ્યારે બે લોકોને સ્થાનિકોએ બચાવી લીધા હતા.

ગાંધીનગરના સેક્ટર - ૩૦ સાબરમતી નદીમાં અમદાવાદથી ટેમ્પામાં મૂર્તિ પધરાવવા માટે આવેલા એક પરિવારની બાર વર્ષની પૂનમ પ્રજાપતિ નામની કિશોરી ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. જેને બચાવવા એક પછી એક ચાર લોકોએ પાણીમાં કૂદી શોધખોળ કરવાનો પ્રયાસ કર્યો હતો. જે પૈકી અજય વણઝારા અને ભારતીબેન પ્રજાપતિ પણ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં. જ્યારે અન્ય બે વ્યક્તિને સ્થાનિકોએ બચાવી લીધા હતા.

આ બનાવની જાણ થતાં ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે સાબરમતી નદીમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને અજય વણઝારા (અમરાઈવાડી), ભારતીબેન પ્રજાપતિ અને પૂનમ પ્રજાપતિની લાશ બહાર કાઢી છે. બનાવના પગલે પોલીસ પણ ઘટનાસ્થળે દોડી જઈ વધુ તપાસનો દોર ચલાવી રહી છે.

### બિહારમાં પણ કોલકતા જેવી જઘન્ય ઘટના બહાર આવી

## મુઝફ્ફરપૂરમા દલિત સગીર યુવતિ પર બળાત્કાર બાદ હત્યા : પ્રાઈવેટ પાર્ટ પર છરીના ૫૦ ઘા

પટણા, તા.૧૪:

કોલકાતા બાદ બિહારમાંથી પણ એક બાળકી સાથે ક્રૂરતાના સમાચાર સામે આવ્યા છે. બિહારના મુઝફ્ફરપુરમાં એક દલિત કિશોરીની છરી વડે ઘાતકી હત્યાનો મામલો સામે આવ્યો છે. હત્યા કર્યા બાદ લાશને તળાવમાં ફેંકી દીધી હતી.

મુઝફ્ફરપુરમાં બદમાશોએ એક દલિત સગીર છોકરી પર અત્યાચાર કર્યો. નરાધમોએ બાળકી પર બળાત્કાર ગુજાર્યો હતો અને ચાકુ મારીને તેની હત્યા કરી હતી. સગીરના પ્રાઈવેટ પાર્ટમાં ૫૦થી વધુ વખત છરા માર્યાના નિશાન જોવા મળ્યા હતા. આ સમગ્ર ઘટના મુઝફ્ફરપુરના પારુ પોલીસ સ્ટેશન વિસ્તારના લાલુ છપરા ગામના નયતોલા ગોપાલપુરમાં બની હતી. મળતી માહિતી મુજબ, બાળકી રવિવાર રાતથી ઘરેથી ગુમ હતી. પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. તેનો મૃતદેહ ચૌર સ્થિત એક તળાવમાંથી મળી આવ્યો હતો. બાળકીના શરીર પર ૫૦ થી વધુ જગ્યાએ છરીના ઘા મળી આવ્યા હતા. તેણીને નિર્દયતાથી મારવામાં આવી હતી અને તેણીના પ્રાઈવેટ પાર્ટ પર છરીના ઘા પણ હતા. પરિવારજનોએ બળાત્કાર બાદ હત્યાની આશંકા વ્યક્ત કરી છે.

## હું ઈચ્છુ છુ કે ટેક્સ શૂન્ય કરી નાખું, પરંતુ તેમ થઈ શકતું નથી : નિર્મલા સીતારમન

ભોપાલ, તા.૧૪:

ભોપાલમાં યોજાનારા દીક્ષાંત સમારોહમાં હાજરી આપવા પહોંચેલા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ટેક્સના દર મામલે નિવેદન આપતા કહ્યું કે તેમની ઈચ્છા છે કે તે ટેક્સને શૂન્ય પર લઈ આવે.

દરવખતે દેશના બજેટમાં ટેક્સ દરને મામલે ટ્રોલ થનારાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણની પીડા મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં છલકાઈ આવી. તેમણે ટેક્સને શૂન્ય એટલે કે ઝીરો પર લઈ આવવાની ઈચ્છા વ્યક્ત કરી.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

OKAY FRESH
નેપ્થેલીન બોલ્સ (ફીનાઈલની ગોળી)
કિંમતી કપડાની ચિંતા છોડો, 'ઓકે ફ્રેશ' ને સુકાન સોંપો.
NAPHTHALENE BALLS પાવરફુલ સ્ટ્રોંગ
કબાટ, બેગ, બુકસ, વોશ બેશીન, વિગેરે દરેક જગ્યા માટે અસરકારક
An ISO 9001:2015 Certified Company
બી.બી. હાઉસહોલ્ડ પ્રોડકટસ પ્રા. લી.
Ph. 02827-287773 | E-mail: bbokayindia@gmail.com | Web: www.okay-india.com


ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S., C.C.P.
સોમવાર થી શનિવાર – સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી
સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ – પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ–મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ જેમકે વમન, વીરેચન, બસ્તિ, નસ્ય, રકતમોક્ષણ, શિરોધારા, અભ્યંગ, સ્વેદન (માલીસ શેક) જાનુબસ્તિ કટિબસ્તિ વિગેરે દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ–ક્ષારસુત્ર–ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફક્ત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

● હરક્યુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ધમાકા ઓફર... ધમાકા ઓફર... ધમાકા ઓફર...
SALE 8 % UPTO 38 % OFF
Online ખરીદી કરતા પણ ફાયદો
MAHER A/C. CREATION
Bachpan se Pachpan Tak
Mo :- 96387-85835
JENILI SHOPPING CENTER, JUNAGADH

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# કેશોદના કુતનાથ મહાદેવ મંદિરે બીજા સોમવારે ભસ્મ આરતી કરવામાં આવી




(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૪

કેશોદના જુના ગામતળ વિસ્તારમાં આવેલા કુતનાથ મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં દરરોજ બહોળી સંખ્યામાં ભાવિકો ભકતો પુજા અર્ચના કરવા આવે છે અને દરરોજ સાંજે જુદાં જુદાં શૃંગાર કરવામાં આવે છે. પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે ઉજ્જૈન મહાકાલેશ્ર્વર મહાદેવની હુબહુ શૃંગાર કરી ભસ્મ આરતી કરવામાં આવી હતી. લોકમુખે અને સાહિત્યમાં ઉલ્લેખનીય માહિતી મુજબ કેશોદ શહેરમાં દ્વાપર યુગમાં અજ્ઞાતવાસ દરમ્યાન પાંડવો આવ્યાં હતાં અને હાલના ડીપી રોડ પર ભીમકુડ ખાતે સ્નાન કર્યું હતું અને માતા કુન્તી ને મહાદેવ ની પુજા અર્ચના કરી ભોજન લેવાનો નિયમ હોય મહાદેવની સ્થાપના કરી હતી જે કુતનાથ મહાદેવ તરીકે પુજાય છે. માતા કુન્તી એ વાળ ધોયાં પછી પાણીનું ટીપું ધરતી પર પડતાં કેશઓઝ નામ પડયું હતુ સમય જતાં અસ્ભ્રસ થઈ કેશોદ તરીકે ઓળખાય છે. વર્ષો પહેલાં કેશોદના એક પટેલ ખેડૂતને શિવલિંગ જમીનમાં દટાઈ હોવાનો સંકેત યોગ નિદ્રામાં મળતાં ખોદકામ કરતાં શિવલિંગ પ્રગટ થયું હતું અને ખોદકામ દરમિયાન ઘા લાગતાં શિવલિંગ ઉપરના ભાગમાં ખાડો પડેલો છે. કેશોદના કુતનાથ મહાદેવ મંદિરમાં પાંડવો દ્વારા સ્થાપિત શિવલિંગ આપોઆપ વર્ષે ચોખાભાર વધે છે અને શિયાળો ઉનાળો અને ચોમાસામાં રંગ બદલાઈ જાય છે. કેશોદ શહેર અને આસપાસના ભાવિકો ભકતો માટે આસ્થાનું કેન્દ્ર છે. પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવ ને શૃંગાર કરી આરતી કરવામાં આવે તો દર્શનાર્થીઓ માટે આધ્યાત્મિક રીતે ખુબ જ પુણ્યશાળી અને મનની વ્યાકુળતા દુર કરનાર માનવામાં આવે છે. કેશોદના કુતનાથ મહાદેવ મંદિર ખાતે ગંગામૈયા ની પ્રતિકૃતિ વેશભૂષામાં તૈયાર કરવામાં આવી હતી અને એમની પણ પુજા અર્ચના કરવામાં આવી હતી. કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ સહિત સ્થાનિક આગેવાનો પદાધિકારીઓ સહિત ભાવિકો ભકતો બહોળી સંખ્યામાં ભસ્મ આરતીમાં જોડાઈને મનોવાંછિત ફળ મેળવવા પ્રાર્થના કરી હતી. કેશોદ કુતનાથ મહાદેવ મંદિરના મહંત પુજારી રાજુ બાપુએ એકાત્મતા ની સાથે ભસ્મ આરતી ઉતારી ત્યારે અલૌકિક ભક્તિમય વાતાવરણ બની ગયું હતું.

# રાજ્ય સરકારના મંત્રી કુંવરજીભાઈ બાવળીયા શ્રી સોમનાથ મહાદેવના દર્શને પધાર્યા





## મહાદેવના દર્શન કરી મંત્રીએ પૂજા સામગ્રી અર્પણ કરી : ટ્રસ્ટના જનરલ મેનેજરશ્રી દ્વારા સ્મૃતિ ચિત્ર અને પ્રસાદ અર્પણ કરી અભિવાદન કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૪

ગુજરાત સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા, તેમજ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સરક્ષાને લગતી બાબતોનો મંત્રી કુંવરજીભાઈ બાવળીયા પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શને પધાર્યા હતા. પ્રાતઃ તેઓએ શ્રીસોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા તેમજ મહાદેવનો જળાભિષેક કરીને પૂજા સામગ્રી અર્પણ કરી હતી. આ પ્રસંગે સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા દ્વારા શ્રી સોમનાથ મહાદેવનું સ્મૃતિ ચિત્ર તેમજ પ્રસાદ અર્પણ કરીને મંત્રી કુંવરજી ભાઈ બાવળીયાનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

# દ્વારકાની કે.જી.બી.વી હોસ્ટેલ ખાતે પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે ૧૦૮ પાર્થદેશ્વર શિવલિંગનું કરવામાં આવ્યું પૂજન



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૪

દેવભૂમિ દ્વારકા જિલ્લાની દ્વારકા નગરીમાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન બીજા સોમવારે દ્વારકા કેજીબીવી હોસ્ટેલ ટાઈપ ફોર ખાતે ૧૦૮ પાર્થદેશ્વર શિવલિંગનું પૂજન છાત્રાઓએ કર્યુ જેમાં માટી, ગૌરજ, પવિત્રજલ, ગોપીચંદન, સુગંધી દ્રવ્યો તેમજ કુદરતી સ્ત્રોતોનો ઉપયોગ કરી પોતાની જાતે પોતાના હાથે શિવલિંગનું નિર્માણ કરી ભગવાન શંકરનું ષોડશોપચાર પૂજન, મહાભોગ, આરતી વગેરે વૈદિક પુરાણોક્ત મંત્રો દ્વારા પૂજન કરી દ્વારકા શ્રી રૂક્ષ્મણી મંદિર પાછળ આવેલ પવિત્ર જલમાં પોતાના હાથે વિસર્જન કર્યું અને ધન્યતા પ્રાપ્ત કરી.આ અવશરે કેજીબીવી દ્વારકાના વોર્ડન છનુરા મુક્તાબેન તથા આસિસ્ટન્ટ શીતલબેન મંગેરાનુ વિશેષ યોગદાન રહ્યું. અત્રે એ ઉલ્લેખનીય છે કે દ્વારકામાં આ હોસ્ટેલમાં અભ્યાસ કરતી બાળાઓ આજુબાજુના વિસ્તારમાં આવેલા નાના મોટા અનેક ગામોથી અભ્યાસ માટે આવેલ હોય જ્યાં રહેવા જમવાની અભ્યાસની ઉત્તમ સગવડતાઓ સાથે બાળાઓના સામાજિક ધાર્મિક સાંસ્કૃતિક વિકાસ માટેની અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

# વેરાવળમાં ભાઈએ કરેલ ચેક રીટર્નની ફરીયાદમાં કોર્ટે પિતરાઈભાઈને બે વર્ષની સજા ફટકારી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૪

વેરાવળમાં ભાઈ પાસેથી લઈ ગયેલ નાણાંની રકમના બદલામાં પિત્તરાઈએ આપેલ ચેક રીટર્ન થયાના મામલામાં કોર્ટે પિતરાઈને બે વર્ષની સજા અને ચેકની રકમ પરત ચુકવવા હુકમ કર્યો છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળના વેપારી અલ્પેશભાઈ જોબનપુત્રા પાસેથી તેનો પિતરાઈ ભાઈ પિયુષ રૂા.૪.૯૦ લાખની રકમ થોડા સમય માટે હાથ ઉછીની તરીકે લઈ ગયો હતો. બાદમાં ઘણો સમય પછી ઉઘરાણી કરતા રૂા.૪.૯૦ લાખની રકમનો ચેક આપેલ જે બેંકમાં ભરતા રીટર્ન થયેલ હતો. જેથી અલ્પેશભાઈએ પોતાના એડવોકેટ ચિરાગભાઈ મારફત કોર્ટમાં ચેક રીટર્નની ફરીયાદ દાખલ કરી હતી. જેમાં થયેલ દલીલો અને સુનવણીના અંતે એડી.ચીફ જ્યુ. જજ દેસાઈ સાહેબએ આરોપી પિયુષ જોબનપુત્રાને તક્ષીરવાન ઠેરવીને બે વર્ષની સજા ફટકારી ફરીયાદીને રૂા.૪.૯૦ લાખની રકમ વળતર તરીકે એક માસની અંદર ચુકવવા હુકમ કર્યો છે અને જો વળતરની રકમ ન ચુકવે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે.

# કેશોદમાં ઘર ઘર તિરંગા અભિયાન હેઠળ મુખ્ય માર્ગો ઉપર તિરંગા યાત્રા કાઢવામાં આવી



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૪

આગામી દિવસો આવનાર સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ગામે ગામ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે, કેશોદ શહેરી વિસ્તારમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. તિરંગા યાત્રા શરદ ચોક સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે થી બપોરના ૪.૦૦ કલાક થી શરૂ થઈ ને આંબાવાડી કાપડબજાર પટેલમીલ રોડ થઈને જુનાગઢ વેરાવળ રોડ પર થી ચાર ચોક ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે પુર્ણ થઈ હતી. હર ઘર તિરંગા અભિયાન અન્વયે લોકોમાં રાષ્ટ્રભાવના ઉજાગર થાય અને તિરંગા સાથેની આત્મીયતા વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી કેશોદ શહેરના મુખ્ય માર્ગો પર હર ઘર તિરંગા યાત્રા દ્વારા યોજાઈ હતી. કેશોદ વહીવટી તંત્ર અને નગરપાલિકા આયોજિત તિરંગા યાત્રામા ધારાસભ્ય દેવાભાઈ માલમ નગરપાલિકા ચીફ ઓફિસર મેહુલ વાઘેલા. પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા શહેર ભાજપના પ્રમુખ પ્રવિણભાઈ ભાલારા, સુધરાઈ સભ્યો, નગરપાલિકા કર્મચારીઓ અને એનડીઆરએફની ટીમ સહિત ભાજપના કાર્યકરો પદાધિકારીઓ જોડાયાં હતાં. કેશોદ શહેરમાં તિરંગા યાત્રા પસાર થતાં રાષ્ટ્રભકિત નું વાતાવરણ સર્જાયુંહતું.

# કેશોદના અંડરબ્રીજના ખાડામાં ગાય પડતાં ક્રેનથી બહાર કાઢવામાં આવી



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૪

કેશોદના ચારચોક વિસ્તારમાં આવેલા રેલ્વે ફાટક પર અંડરબ્રીજનું કામ ચાલી રહ્યું છે ત્યારે બન્ને બાજુ કામ લગભગ પુરુ થયેલ છે ત્યારે રેલ્વેની હદમાં કરવાનું કામ મંજૂરીના વાકે અટકયુ છે. ચોમાસામાં અંડરબ્રીજની અંદર અને બન્ને બાજુ ખુલ્લા ખાડામાં પાણી ભરાઈ ગયેલ છે વહેલી સવારે એક ગૌ માતા પડી જતાં લોકોના ટોળાં એકઠાં થઈ ગયાં હતાં. અંડરબ્રીજના ખાડામાં પડેલ ગાય સહેલાઈથી બહાર નીકળી શકે એમ ન હોય ક્રેઈનની મદદથી બહાર કાઢવામાં આવી હતી. થોડા દિવસો પહેલાં જ એક શ્રમજીવી પડી જતાં મોતને ભેટયો હતો. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સતાધારી પક્ષના આગેવાનો પદાધિકારીઓ દ્વારા જવાબદાર તંત્રને રજુઆત કરી વહેલાસર વહીવટી મંજૂરી અપાવવામાં આવશે તો આવનારા દિવસોમાં આકસ્મિક ઘટના બનતી અટકાવી શકાશે. નામદાર હાઈકોર્ટ દ્વારા જાહેર માર્ગો ઉપર જાહેર સ્થળો ઉપર રખડતાં ભટકતાં પશુઓ વિરૂદ્ધ પશુપાલકો વિરૂદ્ધ કડક કાયદેસર કાર્યવાહી કરવા હુકમ કર્યો છે અંડરબ્રીજના બન્ને બાજુએ રાખવામાં આવેલ સર્વિસ રોડ પર વેપારીઓ ની દુકાનો આવેલી છે જેઓ લાંબા સમયથી હેરાન પરેશાન થઈ રહ્યાં છે ત્યારે ખાતમુહુર્ત સમયે સન્માનિત પદાધિકારીઓ અને આગેવાનો રજુઆત કરવા આગળ આવશે કે અગાઉના સંસ્મરણો મુજબ લોકોએ જનઆંદોલન શરૂ કરવું પડશે એ તો આવનારા દિવસોમાં ખબર પડશે.

# માણાવદર તાલુકામાં ત્રિરંગા યાત્રામાં આમ જનતા સહિત આગેવાનો જોડાયા



(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત શહેર તથા તાલુકામાં આમ આદમીથી આગેવાનો જોડાયને તિરંગા યાત્રામાં જોડાયા હતા. ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણીની આગેવાની હેઠળ શહેરમાં વિવિધ પ્રતિમાઓને ફુલહાર-પુષ્પાંજલી અર્પણ કરી. રાજમાર્ગો ઉપર તિરંગા યાત્રા નીકળી હતી. સફળતા વિદ્યાર્થીઓ હાથમાં તિરંગા રાખી તિરંગા યાત્રા કાઢી હતી. જેમાં પોલીસ સ્ટેશન સ્ટાફ, સરકારી કર્મચારીઓ જોડાયા હતા. રાષ્ટ્રભક્તિનો રંગ જોવા મળી રહયો છે. તાલુકાની તમામ જનતા ઉત્સવમાં ભાગ લીધો હતો.

# ઉના મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૪

ઊનામાં ઊના તાલુકા કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતી દિકરી ચોસલા પ્રિયંકાની પસંદગી થઈ છે. આગમી ૧૫/૮ના દિલ્હી સ્વતંત્ર દિવસની ઉજવણીમાં દેશભરની વિવિધ કોલેજોના NSS સ્વયં સેવકોને સહભાગી થવા આમંત્રણ આપેલ હોય ભક્ત કવિ નરસિંહ મહેતા યુનવર્સિટી સંચાલિત મહિલા આર્ટસ કોલેજ ઊનાની દીકરી પસંદગી પામતા કોલેજના પ્રિન્સીપાલ ડો. લલિત ભાઈ બારીયા NSS પ્રોગ્રામ ઓફિસર મનોજભાઈ પંડ્યા, વર્ષાબેન મોરી અને કોલેજના સ્ટાફે અભિનદન સાથે શુભ કામનાઓ આપી હતી.

# ઉનામાંથી પાંચ જુગારી ઝડપાયા

ઊના તા.૧૪ : ઊના તાલુકાના સંજવા પુર ગામે હનુમાન ચોકમાં જાહેરમાં રૂપિયાની હારજીતનો જુગાર રમતા પાંચ શખ્સોને રોકડા રૂપિયા ૧૦૪૭૦ સાથે ઉના પોલીસે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત કાર્યવાહી હાથ ધરી છે.

# ગીગઢડા તાલુકા કક્ષાનો યુવા મહોત્સવ મહોબતપરા ગામે યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૪

ઊનાના ગીર ગઢડા તાલુકાનો તાલુકા કક્ષાનો યુવા મહોત્સવ ૨૦૨૪ મહોબતપરા ગામે ગીત ગુંજન શૈક્ષણિક્ સંકુલમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી ગીર સોમનાથ જિલ્લાના કન્વીનર દિલીપભાઈ માલકિયાના નેતૃત્વ અને માર્ગ દર્શન હેઠળ યોજાયો હતો. સંગીત કલા, સાહિત્ય કલા વકૃત્વ સ્પર્ધા વિગેરે સ્પર્ધામાં ૧૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને વિજેતાઓને ગીર ગુંજન શૈક્ષણીક સંકુલ સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ જાલોધરા, દેવાયતભાઈ વઘાસીયા, દિલીપભાઈ, રત્નેશ ભાઈ જોશી, શાંતિલાલ નાડોલા, ઉપાધિયાય, કમલેશ ભાઈ મહેતા, વિપુલભાઈ વોરા, ડો. નરેન્દ્રભાઈ ગોસ્વામી વિગેરે આગેવાનો હસ્તે પ્રમાણ પત્ર અને પુરસ્કાર આપી સનમાનીત કરવામાં આવ્યા હતા.


**ગાયત્રી યાત્રા સંઘ**

૨ X ૨ સ્લીપર
૩ X ૨ લકઝરી બસ
"સ્પે. જન્માષ્ટમી" પ્રવાસો
(૧) ઉત્તરભારત યાત્રા દિ. ૧૨
(૨) ગોવા મહાબળેશ્વર ઈમેજીકા, મુંબઈ દિ.૮
(૩) રોયલ રાજસ્થાન દિ.૮
(૪) નાશીક શીરડી, મુંબઈ દિ. ૬
(૫) ઉજૈજન ઓમકારેશ્વર પાવાગઢ દિ. ૫
(૬) કચ્છ પ્રવાસ દિ. ૩
(૭) સ્ટેચ્યુ ઓફ યુનીટી, પોઈચા, પાવાગઢ દિ. ૩
(૮) આબુ અંબાજી, ગાંધીનગર દિ. ૩
ચોકકસ ઉપડશે તા. ૨૪/૨૫ ઓગસ્ટ
હસુભાઈ ભટ્ટ
રાજકોટ
મો. ૯૪૦૯૨ ૬૩૯૩૯

**મોબાઈલ... મોબાઈલ..**

પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

**ગાયત્રી યાત્રા સંઘ**

રેલ્વે + બસથી
(૧) બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી, હરીદ્વાર દિ. ૧૫
(૨) બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી, હરીદ્વાર, મથુરા દિ. ૨૦
ઉપડશે તા. ૧૦-૯ અને તા. ૧૩-૯
હસુભાઈ ભટ્ટ
રાજકોટ
મો. ૯૪૦૯૨ ૬૩૯૩૯

**ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ**

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરૅટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે


સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**દિપક ફટાકડા સેન્ટર**

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
પવિત્ર શ્રાવણ માસ...
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ મો. [illegible]

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ



વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર**
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે"
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરીની બધી જ આઈટમ ઘઉમાં મળશે
સ્પે. પંજાબી પફ મળશે
આઈસ કેકનાં
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# મેંદરડાના માનપુર ખાતે ૭૫માં વન મહોત્સવની ઉજવણી કરાઈ

## જન્મ આપનાર માતાના સ્મરણમાં એક વૃક્ષનુ વાવેતર અચૂક કરીએ : જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર



જૂનાગઢ તા.૧૪

મેંદરડાના માનપુર ખાતે ૭૫માં વન મહોત્સવની જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરની અધ્યક્ષતામાં ઉજવણી કરવામાં આવી હતી. એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત જિલ્લા પંચાયતના પ્રમુખે જન્મ આપનાર માતાના સ્મરણમાં એક વૃક્ષનુ અચૂક વાવેતર કરવા માટે અનુરોધ કર્યો હતો. માનપુરના આલ્ફા વિદ્યા સંકુલ ખાતે જિલ્લા કક્ષાના આ કાર્યક્રમમાં હરેશભાઈ ઠુંમરે જણાવ્યું કે, છોડમાં રણછોડ એટલે કે વૃક્ષમાં પણ પરમાત્માનો વાસ છે, તેવુ માનનાર ઉજળી ભારતીય સંસ્કૃતિ છે, વૃક્ષો ગુણોનો ભંડાર છે, ફળ-ફૂલ આપવાની સાથે પશુ-પક્ષીઓને છાયડો આપે છે, વૃક્ષો પ્રાણવાયુ ઓક્સીજન આપે છે, તેના વાવેતરથી વરસાદ આવે છે અને તેથી જ ધરતી હરિયાળી રહે છે. ઔષધીય વૃક્ષો આરોગ્ય બક્ષે છે. આમ, વૃક્ષો આપણી સંસ્કૃતિ અને ધર્મ સાથે અતૂટ રીતે વણાયેલા છે. ત્યારે સાચા અર્થમાં પ્રકૃતિ અને પર્યાવરણ પ્રેમી બની વૃક્ષ વાવેતર પહેલમાં આપણે અગ્રસર બનીએ. તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વન સંરક્ષક શ્રી કે. રમેશે અને આઈએફએસ શ્રી વિકાસ યાદવએ શાબ્દિક સ્વાગત કરતા વૃક્ષ વાવેતર અને જતનનુ મહત્વ સમજાવ્યું હતું અને એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષ વાવેતર અને જતન માટે આહવાન કર્યું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં આલ્ફા વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું હતુ. મહાનુભાવોનું સ્વાગત તુલસીના રોપા આપી કરવામાં આવ્યું હતુ. ઉપરાંત '' એક પેડ માં કે નામ '' ટૂંકી ફીલ્મ દ્વારા આ અભિયાનથી અવગત કરવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમમાં સમારંભના અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય દેવાભાઈ માલમ, આસિસ્ટંટ કલેક્ટર ઐશ્વર્યા દૂબે, આલ્ફા વિદ્યાસંકુલના ટ્રસ્ટી જીગ્નેશ નકુમ આચાર્યશ્રી સુરસિંહ ઝાલા, વંદે માતરમ્ સેવા સમિતિ મંત્રી મોહનભાઈ મુછડીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રેન્જ ફોરેસ્ટ ઓફિસર ડી.એમ.કાગડાએ આભાર વિધિ કરી હતી. કાર્યક્રમના અંતમાં મહાનુભાવાએ બોરસલી, પીપળ, પ્રાગવડ, પારસ પીપળો, પુત્રમજીવા, વડ, પીપળો, સેમળો, બીલી વગેરે વૃક્ષોનું વાવેતર કર્યું હતુ. અને વૃક્ષ રથને મહાનુભાવોએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન આ કાર્યક્રમના નોડલ અધિકારી અને નાયબ વન સંરક્ષક પ્રશાંતતોમર (IFS)એ કર્યું હતું.

# જૂનાગઢ જીલ્લા કક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું રિહર્સલ કરાયું

## રાજ્યના કૃષિ અને જીલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ૧૫મી ઓગસ્ટના ધ્વજ વંદન કરાશે



### જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ રિહર્સલનું નિરીક્ષણ કર્યુ : રાષ્ટ્રીય પર્વની ગરિમામય ઉજવણી માટે માર્ગદર્શન આપ્યું

જૂનાગઢ તા.૧૪

રાજયના કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં જૂનાગઢ શહેરના બિલખા રોડ ઉપર આવેલા પોલીસ ટ્રેનિંગ સેન્ટરના ગ્રાઉન્ડ ખાતે ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી સંદર્ભે આયોજિત ધ્વજવંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું પૂર્વ તૈયારીઓના ભાગરૂપે રિહર્સલ કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ આ રિહર્સલનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે રાષ્ટ્રીય પર્વની ગરિમાપૂર્ણ ઉજવણીના આયોજન માટે જવાબદારી સંભાળી રહેલા અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

૧૫મી ઓગસ્ટના જિલ્લાની સ્કૂલ- કોલેજના વિદ્યાર્થીઓના જૂથો દેશભક્તિસભર સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ આપવાના છે, તેમણે પણ પૂર્વ તૈયારીના ભાગરૂપે કૃતિઓ રજૂ કરી હતી.

આ રિહર્સલમાં જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરી, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, ડેપ્યુટી કમિશ્નર ઝાપડા સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાંટવામાં આન, બાન અને શાન સાથે તિરંગા યાત્રા નીકળી



જૂનાગઢ તા.૧૪

બાટવા નગરપાલિકા દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. જેમાં ધારાસભ્ય અરવિંદ લાડાણી, મામલતદાર, ચીફ ઓફિસર સહિતના પદાધિકારી- અધિકારી જોડાયા હતા. વિદ્યાર્થીઓએ પણ આ યાત્રામાં દેશભક્તિ સફળ કૃતિઓ રજૂ કરી હતી. આમ, આન, બાન અને શાન સાથે નીકળેલી તિરંગા યાત્રામાં સામાજિક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત રાજકીય અગ્રણીઓ જોડાયા હતા.

# સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જૂનાગઢ ખાતે વિશ્વ વરૂ દિવસની ઉજવણી કરવામાં આવી.





જૂનાગઢ, તા.૧૪

સકકરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે તારીખ ૧૩/૦૮/૨૦૨૪ના રોજ વિશ્વ વરૂ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની સ્થાપના ૧૮૬૩માં જૂનાગઢના નવાબ મોહબત ખાનજી બાબી-૨ દ્વારા કરવામાં આવી હતી. સકકરબાગ પ્રાણી સંગ્રહાલય એ ભારતના સૌથી જૂના પ્રાણી સંગ્રહાલયોમાનું એક છે. સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયએ સક્કરબાગ ઝૂઓલોજિકલ ગાર્ડન અથવા જૂનાગઢ પ્રાણીસંગ્રહાલય તરીકે પણ ઓળખાય છે કે જે ૮૪- હેકટર (૨૧૦-એકર)માં ફેલાયેલું છે. ગંભીર રીતે જોખમમાં રહેલી પ્રજાતિઓ માટે આંતરરાષ્ટ્રીય લુપ્તપ્રાય પ્રજાતિઓ કેપ્ટિવ બ્રીડિંગ પ્રોગ્રામ કાર્યરત છે. આ બ્રીડીંગ પ્રોગામમાં ૧. એશીયાઈ સિંહ ૨. ભારતીય વરુ ૩. ચૌસીન્ગા ૪. ઘુડખર ૫. ચિંકારા અને ૬. ગીધનો સમાવેશ થાય છે. સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, જૂનાગઢ દ્વારા સી.ઝેડ.એ. ની માન્યતા મળ્યા બાદ સમયાંતરે જયપુર ઝૂ ખાતેથી ૫(૨:૩), જોધપુર ઝૂ ખાતેથી ૩(૧:૨), મૈસુર ઝૂ ખાતેથી ૧(૧:૦) એમ કૂલ ૯ વરૂને એનીમલ એક્સ્ચેજ પ્રોગ્રામ હેઠળ વુલ્ફ બ્રીડીંગ સેંટર ખાતે મેળવવામાં આવેલ હતા. ત્યારબાદ કંઝરવેશન બ્રીડ્રીંગ સેંટ્રર માં મળેલ સફળતા બાદ હાલમાં કુલ નર-૩૪, માદા-૧૮, વણ ઓળખાયેલ-૧૭ એમ કુલ ૬૯ વરુ રાખવામાં આવેલ છે. જેમાંથી કેપ્ટીવ બ્રીડીંગ પ્રોગ્રામ માટે ૩૦(૧૫:૧૫), ડિસ્પ્લે (૨:૦)અને, અન્ય ૩૭ વરુઓ રહેલા છે. જયારે બનાસકાંઠા ડીવીઝન ખાતે ૫ (૨:૩), આંબરડી સફારી પાર્ક ખાતે ૬(૨:૪), દેવળિયા સફારી પાર્ક ખાતે ૪(૨:૨) અને, ધ્રાંગધ્રા ખાતે ૬(૨:૪) એમ કૂલ ૨૧ વરુઓ મોકલવામાં આવ્યા છે.

આજના વિશ્વ વરૂ દિવસ નિમિતે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જુનાગઢ ખાતે પર્યટકોને વરૂ વિષે જાગૃતિનું કાર્યક્રમ કરવામાં આવેલ છે તથા શાળા કોલેજ ના વિદ્યાર્થીઓને એજયુકેશન ઓફીસર તથા સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના સ્ટાફ દ્વારા ભારતીય વરૂ બાબતે માહિતી આપવામાં આવેલ અને વરૂ નું મહત્વ સમજાવતી રેલીનું આયોજન પણ કરવામાં આવેલ હતું. તદુપરાંત પ્રવાસીઓને વરૂ સંરક્ષણ વિશે માહિતગાર કરવામાં આવેલ હતા. નીવસનતંત્રમાં વરુની ભૂમિકાને સમજવી, વરૂ માટેના જોખમો વિશે માહિતી પ્રદાન કરી, તેમના માટે સંરક્ષણ પ્રયાસો કરવા માટે પ્રવાસીઓ માહિતી આપવામાં આવેલ હતી.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર જોષીપુરા ખાતે 'હર ઘર તિરંગા' કાર્યક્રમની ઉજવણી




જૂનાગઢ, તા.૧૪

ભારત ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ધામધુમથી ઉજવણી કરી રહ્યું છે. બ્રિટિશ સંસ્થાનની લગભગ ૨૦૦ વર્ષની ગુલામીમાંથી આઝાદી મેળવ્યાનો આ ચીમાચિહ્નરૂપ દિવસ સમગ્ર દેશમાં અને વૈશ્વિકસ્તરે ભારતીયો દ્વારા ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે. આ ઐતિહાસિક દિવસ સ્વાતંત્ર્યસેનાનીઓના સંઘર્ષને સન્માન આપવાનો અને શહીદોને સલામી આપવાનો પાવન અવસર છે. "વિકસિત ભારત" એ ૭૮માં સ્વાતંત્ર્યપર્વની થીમ રાખવામાં આવી છે, જે ૨૦૪૭ સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્રમાં રૂપાંતરિત કરવાના સરકારશ્રીના વિઝન અને સંકલ્પને પ્રતિબિંબિત કરે છે.

આપણાં માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સને ૨૦૨૨માં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "હર ઘર તિરંગા" ઝૂંબેશ શરૂ કરી હતી, જે આજે એક લોક ચળવળ બની ગઈ છે. દેશના ખૂણે-ખૂણે 'હર ઘર તિરંગા'નું વાતાવરણ બનાવીને લોકો આજે તેમાં ભાગ લઈ રહ્યા છે. આપણો રાષ્ટ્રધ્વજ એકતા, અંખંડિતતા અને રાષ્ટ્ર ગૌરવનું પ્રતિક છે. સરકાર દ્વારા આ વર્ષે પણ હર ઘર તિરંગા ઝૂંબેશ શરૂ કરી છે.

માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર, જોષીપુરા, જૂનાગઢ ખાતે "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત તા.૦૮-૦૮-૨૦૨૪ થી તા.૧૩-૦૮-૨૦૨૪ દરમ્યાન ચિત્ર, રંગોળી, વેશભૂષા, નિબંધ લેખન, ગાયન, વકતૃત્વ, નાટક, એકપાત્રિય અભિનય અને રાષ્ટ્રના નકશાનું ચિંત્રાકન જેવી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના આચાર્યા સુશ્રી જયશ્રીબેન રંગોલિયા અને વિદ્યાગુરુશ્રીઓના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી ભાગ લીધેલ હતો. રાષ્ટ્રપ્રેમને પ્રદર્શિત કરતી આવી પ્રવૃતિઓ યોજવા બદલ સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સહિત ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે હાર્દિક અભિનંદન સહ અંતઃકરણની શુભકામનાઓ પાઠવી હતી.

# વિસાવદરના ભલગામ મિડલ સ્કૂલ વિદ્યાર્થીઓ રિજીયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાતે




(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૧૪

વિસાવદર તાલુકાના મિડલ સ્કૂલ ભલગામના વિદ્યાર્થીઓ રિજીયોનલ સાયન્સ સેન્ટર ભાવનગર ખાતે સરકારના આર્થિક સહયોગથી વિનામૂલ્યે આ સાયન્સ સેન્ટર મુલાકાત કરવામાં આવેલ. જેમાં પાંચ વિભાગો દરિયાઈ જીવ, ઓટોમેટીવ, નોબલ પ્રાઈઝ વિજેતા વિજ્ઞાનીકોનો વિભાગ, ઈલેક્ટ્રો મિકેનિકલ અને બાયો સાયન્સ વિભાગની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં આ શાળાના ૪૪ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ વિજ્ઞાનની વિવિધ શોધોનો ખંત પૂર્વક અભ્યાસ કરેલ હતો. વિદ્યાર્થીઓની સાથે આ શાળાના મદદનીશ શિક્ષક કમલેશ ઠુંમર તથા ઓટોમેટીવ ટીચર ધવલ પંડ્યા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે સાથે રહેલ હતા.

# ખંભાળિયા : નયનરમ્ય કુદરતી સુંદરતા વચ્ચે કોટા ગામમાં બિરાજતા કોટેશ્વર મહાદેવ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૪

ખંભાળિયા તાલુકાના કોટા ગામે આવેલા કોટેશ્વર મહાદેવ મંદિરનું અનન્ય મહાત્મય છે. ત્યારે ડુંગરો અને કોતરો વચ્ચેથી વહેતી નદીના કાંઠે બિરાજતા કોટેશ્વર મહાદેવના મંદિરે પવિત્ર શ્રાવણ માસમાં દરરોજ મોટી સંખ્યામાં શિવભક્તો આસ્થાભેર પૂજન-અર્ચન કરવા ઉમટી પડે છે. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયાથી આશરે ૧૫ કિલોમીટર દૂર આવેલા કોટા ગામની ભાગોળે હજારો વર્ષ પ્રાચીન એવું કોટેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. આ શિવ મંદિર મુસ્લિમ વસ્તી ધરાવતા કોટા ગામની વચ્ચે સ્થિત છે. અહીં નિયમિત રીતે મંદિરની જાળવણી તેમજ પૂજન અર્ચન ભાવભરી રીતે કરવામાં આવે છે. આ મંદિરની આસપાસમાં જંગલ જેવી લીલોતરી તેમજ ખળખળ વહેતી નદી એ સમગ્ર માહોલને અનેરી સુંદરતા આપે છે. પ્રાકૃતિક સુંદરતા વચ્ચે બિરાજતા ભોળાનાથ લોકોની આસ્થા - ભક્તિમાં વધારો કરે છે. મંદિરે પહોંચવા માટેના સુવ્યવસ્થિત રસ્તાના કારણે અહીં શ્રાવણ માસમાં રુદ્રી, થાળ તેમજ સેવા-પૂજા માટે શિવભક્તોની ભીડ રહે છે. કોટેશ્વર મહાદેવ મંદિરના પૂજારી શ્રી દત્તગીરી નાગા સાધુ દ્વારા સુવ્યવસ્થિત રીતે પૂજન અર્ચન કરવામાં આવે છે.

ત્યારે આ મંદિર માટે ડો. રૂતેશભાઈ જોશી, રવિરાજસિંહ જાડેજા, રાણસીભાઈ ગઢવી, દીપકભાઈ મેર તેમજ હિરેનભાઈ (મુન્નાભાઈ) કારીયા તેમજ તેમની ટીમ દ્વારા નિયમિત રીતે વિવિધ પ્રકારે સાથ-સહયોગ મળી રહે છે. મંદિરમાં દરરોજ આકર્ષક રીતે ફૂલોના શણગાર માટે પરસોત્તમભાઈ તેમજ ધર્મેન્દ્રભાઈ દ્વારા વિશિષ્ટ રીતે સેવા કરવામાં આવે છે. ત્યારે મુસ્લિમ વસ્તી ધરાવતા કોટા ગામમાં બિરાજતા શ્રી કોટેશ્વર મહાદેવના મંદિર આસપાસની કુદરતી સુંદરતા અને વનરાજી ભક્તોના મન મોહી લ્યે છે.

# લોઢવા ગામે ઐતિહાસિક મૂળતળાવ ખાતે ભગવાન શ્રીકૃષ્ણ અને પિતા વસુદેવની મુર્તિથી શોભામાં વધારો



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૧૪

ઈતિહાસમાં કંડારાયેલું મૂળરાજ સોલંકી વખતનું તળાવ અને તળાવને કિનારે પ્રતિષ્ઠિત ભગવાન કક્કેશ્વર મહાદેવ ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. અહીં તળાવનાં કિનારે ભગવાન શ્રીકૃષ્ણની મુર્તિ સ્થાપિત કરવામાં આવેલ. અને હવે તળાવની વચ્ચોવચ ભગવાન શ્રીકૃષ્ણનાં પિતા વસુદેવજીની મુર્તિ સ્થાપિત કરવામાં આવેલ છે. અહીં ઈ.સ.૧૯૯૮ થી આજ સુધી એટલે કે ૨૬ વર્ષથી ભાવિક ભક્તો દ્વારા સવાલખી પૂજા થાય છે.શ્રાવણ માસનો મહિમા સમજાવતી આ પાવન જગ્યામાં જન્માષ્ટમી ઉત્સવ પર કૃષ્ણ જન્મોત્સવ તેમજ વિશેષ બરફથી અમરનાથ ભગવાનની આબેહૂબ ગુફા તેમજ શિવલિંગ દર્શન ની ઝાંખી કરાવે છે.આખા મલકમાંથી હજારો ભાવિક ભક્તો દર્શને ઉમટી પડે છે.ભગવાન અમરનાથના દર્શન કરી પાવન બને છે.દર શ્રાવણ માસના દરેક સોમવારે ભગવાનને થાળ ધરી બટુક ભોજન કરાવવામાં આવે છે તેમજ સાંજના ૧૨ વાગ્યા સુધી રામ ધૂન અને શિવ આરતી થાય છે. ટપા કીર્તન,દાંડિયા રાસ-ગરબાની પણ રમઝટ જામે છે.દર મહિનાની બીજ અને ચૌદસ પર રામાપીરની પાઠ પ્રસાદી રાખવામાં આવે છે.અનેક ભક્તો દ્વારા સત્સંગ-ભજન કરી આનંદની અનુભૂતિ કરે છે.અનેક ચમત્કારોથી ભરેલી આ પાવન ધરાના દર્શન દુર્લભ મનાય છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# અસ્થિર પડોશીઓથી ઘેરાતું ભારત

બાંગ્લાદેશમાં થયેલ તખ્તાપલટના મુદ્દે ભારતીય સંસદના બંને સદનોમાં વિદેશ મંત્રી જયશંકરે પોતાના વક્તવ્યમાં કહ્યું કે પાંચ ઓગસ્ટે વડાપ્રધાન શેખ હસીનાએ સુરક્ષા પ્રતિષ્ઠાનો સાથે બેઠક બાદ સ્પષ્ટ રૂપે રાજીનામું આપવાનો નિર્ણય કર્યો અને 'થોડા સમય માટે' તેમણે ભારત આવવાની મંજૂરી માગી. પૂર્વ વડાપ્રધાન શેખ હસીના હવે ભારતમાં છે અદ્ધે માનવામાં આવે છે કે કોઈ ત્રીજા દેશમાં શરણ મળ્યા સુધી અહીં રહેશે. જો આ હાલતને ભારતીય દૃષ્ટિકોણથી જોવામાં આવે તો આ એક અસાધારણ સ્થિતિ છે, જ્યાં ભારતને કેટલાક આકરા નિર્ણયો લેવા પડશે, જેમાં પડોશી પ્રથમ નીતિ અંતર્ગત મદદ પણ કરવી પડશે. બાંગ્લાદેશમાં ફસાયેલા હજારો ભારતીયોની સુરક્ષા સાથે એ વાત સુનિશ્ચિત કરવાની છે કે કોઈ અનધિકૃત રૂપે સીમા પાર કરીને ભારતમાં પ્રવેશ ન કરી શકે. આ સમગ્ર ઘટનાક્રમથી દેશ માટે એક અભૂતપૂર્વ સુરક્ષા સ્થિતિ પેદા થઈગઈ છે. ભારત સમક્ષ ૧૯૭૧વાળી સ્થિતિ ફરી એક વાર આવી ગઈ છે. બાંગ્લાદેશમાં રહેતા તમામ અલ્પસંખ્યક સમૂહો ખાસ કરીને મોટી સંખ્યામાં હિંદુ ભારતમાં શરણાર્થી તરીકે આવવાની અરજ કરી શકે છે. એનાથી બાંગ્લાદેશની સીમા સાથે જોડાયેલા બંગાળ અને ત્રિપુરા જેવા રાજ્યોમાં ચિંતાજનક હાલત પેદા થઈ શકે છે.

જો બાંગ્લાદેશની વચગાળાની સરકારમાં કટ્ટરપંથીઓનો દબદબો વધે છે, જેની ભરપૂર આશંકા છે તો ભારતના પડકારો ઓર વધી જવાના છે, કારણ કે તેમાંથી કેટલાક જૂથોને પાકિસ્તાનનું સમર્થન મળતું રહ્યું છે. તેને કારણે એ સતત ભારત વિરોધી ગતિવિધિઓ ચલાવતા રહ્યા છે. પાકિસ્તાન આજ સુધી ભારતને પોતાના વિભાજન એટલે કે બાંગ્લાદેશના નિર્માણનું કારણ માનતું રહ્યું છે અને તે કોશિશ કરશે કે બાંગ્લાદેશના ઈસ્લામિક કટ્ટરપંથી જૂથો સાથે મળીને ભારત વિરુદ્ધ આતંકી અને અસામાજિક તત્ત્વોને સક્રિય કરવામાં આવે. બાંગ્લાદેશમાં અરાજકતા વચ્ચે દક્ષિણ એશિયામાં અસ્થિરતા વધી ગઈ છે, જે ભારતના હિતમાં બિલકુલ નથી. ભારતની સુરક્ષા માટે ચોતરફી પડકારો વધી રહ્યા છે. ગત દિવસોમાં જ નેપાળમાં ચીન સમર્થક સરકાર બની છે, જેનું નેતૃત્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલી કરી રહ્યા છે. ઓલીને 'ઈન્ડિયા આઉટ' અભિયાનનું નેતૃત્વ કરવા માટે ઓળખવામાં આવે છે અદ્ધે હાલનાં વર્ષોમાં તેમણે પોતાની રાજકીય સાખ મજબૂત કરવા માટે ભારત સાથે સીમા વિવાદનો મુદ્દો શાંત નથી થવા દીધો. જોકે ઓલીની 'રાષ્ટ્રવાદી છબિ' ભારત વિરોધથી બની છે, તેથી ભારત માટે જરૂરી છે કે તે સ્થિતિ પર નજર રાખે. જો નેપાળી જનતા જૂની પાર્ટીઓ અને જૂના નેતાઓની કાર્યશૈલીથી કંટાળશે તો ૨૦૦૬ જેવું જન આંદોલન ઊભું થવું કોઈ મોટી વાત નહીં ગણાય. તેની સીધી અસર ખુલ્લી સીમાને કારણે ભારત પર થશે. નેપાળની પાસે જ ભૂટાન છે, જે સંપૂર્ણ રીતે ભારતની સુરક્ષા ચિંતાઓને લઈને ચિંતાગ્રસ્ત છે અને એક મિત્રતાપૂર્ણ સહયોગી રહ્યું છે. જોકે હાલના વર્ષોમાં ચીને ત્યાં પણ ઘૂસ મારવામાં કસર નથી છો?ડી. તેમ છતાં ભારતની દૃષ્ટિએ ભૂટાનમાં સ્થિતિ નિયંત્રણમાં છે.

પૂર્વી પડોશી દેશ મ્યાંમારમાં પણ દબાવપૂર્ણ અને અનિશ્ચિત રાજકીય ઘટનાક્રમ જોવા મળી રહ્યો છે. અહીં વિભિન્ન વિદ્રોહી સમૂહ સૈન્ય શાસનને કમજોર કરવામાં સફળ થઈ ગયા છે. અહીં અશાંતિ અને રાજકીય અસ્થિરતાનો સિલસિલો ચાલુ છે, જેને કારણે ભારતની સુરક્ષા એજન્સીઓ ભારત-મ્યાંમાર સીમા પર નજર રાખે છે. જો બાંગ્લાદેશ અને મ્યાંમારની તાનાશાહી તાકાતો ચીન કે પાકિસ્તાન જેવા દેશોના પ્રભાવમાં આવીને ભારતને નુકસાન પહોંચાડવાની કોશિશમાં સાથે આવી જાય છે તો ભારત માટે મોટો પડકાર ઊભો થશે. નવી દિલ્હી માટે જરૂરી છે કે તે પોતાની લુક ઈસ્ટ અને એક્ટ ઈસ્ટ નીતિમાં સુરક્ષા પાસાંને પણ સામેલ કરે. મ્યાંમારમાં આર્થિક અને રાજકીય અસ્થિરતાની સ્થિતિ બની છે. એ સાચું કે શ્રીલંકા ધીમે ધીમે ભારત અને આઈએમએફની મદદથી આર્થિક મુસીબતોમાંથી બહાર આવી રહ્યું છે, પરંતુ હજુ પણ ત્યાં ભારત વિરોધી તત્ત્વો સક્રિય છે. માલદીવ પણ આ મામલે અલગ નથી, જ્યાં રાષ્ટ્રપતિ મોહંમદ મુઈજ્જુ સતત ભારત વિરોધ કરી રહ્યા છે. તેમણે પણ ઓલીની જેમ 'ઈન્ડિયા આઉટ' અભિયાન ચલાવ્યું, પછી તે ચાહે ભારતીય સૈન્ય અધિકારીઓને માલદીવથી ભારત પાછા મોકલવાનો મુદ્દો હોય કે પછી તેમની સરકારના મંત્રીઓની ભારત અને ભારતના પ્રતિષ્ઠિત નેતાઓ વિરુદ્ધ ટીકા-ટિપ્પણીનો મુદ્દો.

પશ્ચિમી સીમા ક્ષેત્રમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં સુરક્ષા હાલત પહેલેથી જ ભારત માટે મુસીબત બન્યા છે. હાલમાં જમ્મુમાં થયેલા આતંકી હુમલાએ ભારતની ચિંતા વધારવાનું કામ કર્યું છે. જો પડોશી દેશોની રાજકીય અને આર્થિક સ્થિતિઓને જોવામાં આવે તો સ્પષ્ટ થઈ જાય છે કે ભારત આ તમામ દેશોની સીમાઓ સાથે જોડાયેલ હોવાને કારણે એક પ્રતિકૂળ સ્થિતિનો સામનો કરી રહ્યા છે, જે આવનાર દિવસોમાં સુરક્ષા માટે ખતરો બની શકે છે. દક્ષિણ એશિયામાં લાંબા સમયથી ભારતની કેન્દ્રીયતાને તમામ સમસ્યાઓનું મૂળ માનવામાં આવે છે અને ભારત પર લગભગ તમામ પડોશી દેશ હસ્તક્ષેપનો આરોપ પણ લગાવતા આવ્યા છે, પરંતુ શું હવે આ જ દેશો પોતાની આંતરિક હલચલને કારણે ભારત સામે રહેલ સુરક્ષા સંકટ પર નવી દિલ્હી સાથે ઊભા રહેશે? તેનો જવાબ સંભવતઃ નકારાત્મક જ મળશે. દક્ષિણ એશિયામાં જેવી અસામાન્ય પરિસ્થિતિઓ પેદા થઈ રહી છે, તેનો સામનો કરવા માટે ભારતે અસાધારણ પ્રયાસ કરવાની જરૂર છે.

ભારતે કોઈપણ કિંમતે પોતાના સુરક્ષા માળખાને મજબૂત કરવાની જરૂર છે અને પડોશી દેશોમાં સિવિલ સોસાયટી સમૂહો સાથે મળીને શાંતિ બહાલીના પ્રયાસો પરધ્યાન આપવું પડશે. તેની સાથે જ દુનિયાભરના લોકતાંત્રિક દેશો અને ક્ષેત્રમાં રહેલ સમાન વિચારધારાવાળી શક્તિઓ જેમ કે અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા માટે પણ જરૂરી છે કે તેઓ ભારતની ચિંતાઓને સમજે અને પોતાના સ્તર પર પાકિસ્તાન અને ચીન પર દબાણ કરે, જેથી આ બંને દેશ દક્ષિણ એશિયાની અસ્થિરતાનો ફાયદો ઉઠાવીને ભારતને પરેશાન કરવા માટે નવાં ગતકડાં ન કરી શકે.

## ભાટિયામાં "મહિલા અને બાળ આરોગ્ય દિવસ"ની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૪

કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે "નારી વંદન ઉત્સવ" અંતર્ગત 'મહિલા અને બાળ આરોગ્ય દિવસ' ની ઉજવણી પ્રોજેક્ટ તૃષ્ટિ અને આઈ.સી.ડી.એસ. શાખા, મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંગણવાડી ખાતે પુરક પોષણમાંથી બનેલી વાનગીઓનું નિદર્શન તથા THR માંથી આરોગ્યપ્રદ વાનગી માટે રસોઈ શો નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ખંભાળિયાની બ્લોક કચેરી ખાતેથી 'મહિલા અને બાળ આરોગ્ય જાગૃતિ' રેલી યોજાઈ હતી. રેલીમાં મહિલા અને બાળ અધિકારીની કચેરી હસ્તકના વિવિધ પ્રકલ્પોના કર્મચારીઓ, આરોગ્ય વિભાગના કર્મચારીઓ જોડાઈ 'બેટી બચાઓ બેટી પઢાઓ' અને 'મહિલા અને બાળ આરોગ્ય' ને લગતા નારા લગાવ્યા હતા તથા તમામ CHC અને PHC ખાતે સ્ત્રી રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં એનિમિયા, પેપ સ્મિયર ટેસ્ટ,આયર્ન ફોલિક એસિડ ટેબ્લેટ વિતરણ, સેનેટરી પેડ વિતરણ, બી.એમ.આઈ., હિમોગ્લોબિન તપાસ, આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અગ્રણીઓ, પ્રોજેક્ટ તૃષ્ટીની સમગ્ર ટીમ, આરોગ્ય વિભાગના ડી.પી.એચ.એન. જશુબેન ચાવડા, ટી.એચ.વી. તથા મહિલા અને બાળ અધિકારીની કચેરી હસ્તકના વિવિધ પ્રકલ્પોના કર્મચારીઓ, આઈ.સી.ડી.એસ. જિલ્લા પંચાયતનાં મુખ્ય સેવિકાઓ, આંગણવાડી કાર્યકરો, આશા વર્કરો અને મોટી સંખ્યા મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખંભાળિયા : સદગતના માનમાં યોજાયેલા રક્તદાન કેમ્પમાં ઉપસ્થિતોને વૃક્ષોના છોડ અપાયા : મોટી માત્રામાં રક્ત એકત્ર થયું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયામાં આવેલી જૂની મહાજન વાડી ખાતે રવિવારે રક્તદાન કેમ્પનું સેવા કાર્ય કરાયું હતું. અહીંની જાણીતી રઘુવંશી સેવા સંસ્થા શ્રી જલારામ અન્નપૂર્ણા ગૃહના ઉપક્રમે યોજવામાં આવેલા આ રક્તદાન કેમ્પમાં સંસ્થાના પાયાના પથ્થર અને સ્થાપના કાળથી જ છેલ્લા આશરે ૪૨ વર્ષથી અવિરત રીતે સેવા કરી રહેલા મહેન્દ્રભાઈ કાનાણી પરિવારના ભત્રીજા સચિનભાઈ વ્રજલાલ કાનાણી ના આર્થિક સહયોગથી આ બ્લડ કેમ્પ યોજાયો હતો. જેમાં સરકારી બ્લડ બેન્કના ટેક્નીશીયનોની ઉપસ્થિતિમાં યોજાયેલો આ રક્તદાન કેમ્પ કાનાણી પરિવારની સુપુત્રી સ્વ. ધ્રુવીશા સચિનભાઈ કાનાણીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમની પુણ્ય સ્મૃતિમાં યોજાયો હતો. છેલ્લા કેટલાક સમયથી ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં દર મહિને સેવા લઈ રહેલા ૧૫૦ જેટલા થેલેસેમીયાગ્રસ્ત બાળ દર્દીઓની જરૂરિયાત માટે ઉપયોગી થવાના આશયથી યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું. અહીં જોડાયેલા રક્તદાતાઓ તેમજ મહેમાનોને પણ વૃક્ષોના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર સેવા કાર્ય માટે સંસ્થાના ટ્રસ્ટની તેમજ પ્રમુખ નિશિલભાઈ કાનાણીની જહેમત વચ્ચે સંસ્થાના કારોબારી સભ્ય મહેશભાઈ રાડિયા, સચિનભાઈ કાનાણી, જીગરભાઈ કાનાણી તેમજ કાર્યકરો અને પરિવારજનો દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી. જેમાં સહભાગી થવા બદલ સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## હર ઘર તિરંગા અંતર્ગત દ્વારકા જિલ્લાના સર્વોચ્ચ શિખર આભાપરા ઉપર તિરંગો લહેરાવતી દેવભૂમિ દ્વારકા પોલીસ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બરડા ડુંગર વિસ્તારના છેવાડાના વિસ્તાર "નેશ"માં વસવાટ કરતા રાવણા નેશ, અંધારીયા નેશ, સોનકંસારી નેશ, મોરબીયા નેશ, બાબરી નેશ તથા આભાપરા નેશમાં વસવાટ કરતા માલધારીઓને "તિરંગા યાત્રા" માં સામેલ કરી તેમને તિરંગા વિતરણ કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ખંભાળિયા વિભાગના ડીવાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિની આગેવાની હેઠળ લોકોના રહેઠાણથી તિરંગા યાત્રાની શરૂઆત કરી, દુર્ગમ અને ઉબડખાબડ કેડીઓ મારફતે બરડા ડુંગરની ટોચ ઉપર આવેલા ૨૦૯૦ ફુટ ઉંચાઈ ધરાવતા "આભાપરા" ટેકરી કે જે દેવભૂમિ દ્વારકા જિલ્લાનો સૌથી ઉંચી ટેકરી પર કુલ ૬ કી.મી. ટ્રેકીંગ કરીને સ્થાનિક નેશવાસીઓ, પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ તથા જી.આર.ડી. જવાનોને સાથે લઈ, ટોચ પર તિરંગો ફરકાવવામાં આવ્યો હતો. આ તિરંગા યાત્રાને જિલ્લાનાં દુર્ગમ અને સામાન્ય જન-જીવનથી અળગા રહેલા નેશવાસીઓ સુધી પહોંચાડી રાષ્ટ્ર ભકિત માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ રીતે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા "હર ઘર તિરંગા" યાત્રા અભિયાનમાં જિલ્લાનાં છેવાડાનાં માનવીને જોડવાનો ઉત્તમ પ્રયાસ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તેમજ ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ અને જિલ્લા પોલીસની ટીમ દ્વારા કરવામાં આવ્યો છે.

## ખંભાળિયાના આશાસ્પદ યુવાનનું હૃદયરોગના કારણે મૃત્યું : ભારે અરેરાટી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયા તથા આસપાસના વિસ્તારમાં છેલ્લા



કેટલાક સમયથી યુવાન વ્યક્તિઓના હૃદયરોગના હુમલાના કારણે મૃત્યુ નીપજતા હોવાના બનાવ પ્રકાશમાં આવી રહ્યા છે. એવો જ એક બનાવો રવિવારે ખંભાળિયામાં વાંઝા દરજી જ્ઞાતિ પરિવારમાં બનવા પામ્યો છે. ખંભાળિયામાં રાજડા રોડ વિસ્તારમાં રહેતા અમૃતલાલ સવજીભાઈ જેઠવા (અમુભાઈ વાંઝા) ના વડોદરા ખાતે રહી અને નોકરી કરતા આશરે ૩૦ વર્ષની વયના પુત્ર અભિષેકને રવિવારે રાત્રિના સમયે એક છાતીમાં દુખાવો પડતાં તેમના પિતાએ તેમને નજીકની હોસ્પિટલમાં તાકીદે જવા માટે ફોનમાં જણાવ્યું હતું. પરંતુ આ યુવાનને સારવાર મળે તે પૂર્વે એકાદ કલાકના સમયગાળામાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃતક અભિષેક તેમના પિતા અમુભાઈ વાંઝાનો એકનો એક પુત્ર હતો. ત્યારે અપરણિત અને પરિવારના આશાસ્પદ યુવાનના અપમૃત્યુના આ બનાવે સમગ્ર શહેર સાથે વાંઝા દરજી સમાજમાં ભારે અરેરાટી પ્રસરાવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સ્વયંને બદલી દો, ભાગ્ય બદલી જશે.

- કહેવત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ સુદ-૯ બુધ પૂજન, શ્રી હરિ જયંતિ, બગીચા નોમ, નકુલ નોમ, નવા વર્ષની સાંજ તા.૧૪ ઓગષ્ટ ૨૦૨૪, બુધવાર, પારસી તા.ગાથા-૫ (વ્હીરતો ઈશ્ત), મુસ્લિમ તા.૯, અનુરાધા નક્ષત્ર, ઐન્દ્ર યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬ઃ૨૭, સૂ.અ.૭ઃ૨૪

આજનો દિવસ સવારે ૧૦ઃ૨૩ થી ૧૨ઃ૧૨ ક.સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ અણધારી આફત આવે. સ્વમાન ઘવાય.
વૃષભઃલાભની તક સાંપડે. નવિન કાર્યમાં સફળતા મળે.
મિથુનઃભાગીદારી સાથે મતભેદ થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કર્કઃ આર્થિક લેવડ-દેવડમાં સાવધાની રાખવી જરૂરી.
સિંહઃ ધાર્મિક ક્ષેત્રે ધન ખર્ચ થાય. ટૂંકી મુસાફરી રહે.
કન્યાઃ લાભની આશા ઠગારી નીવડે. મનની મૂંઝવણમાં વધારો થાય.
તુલાઃ માનસિક ચિંતાનો ઉકેલ મળે. નવિન કાર્યમાં સફળતા મળે.
વૃશ્ચિકઃકોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું
ધનઃ નવિન વસ્તુની ખરીદી થાય. સ્વજન સાથે મિલન-મુલાકાત થાય.
મકરઃ કામકાજમાં રૂચિ વધે. નાણાંકીય ગુંચવણ દૂર થાય.
કુંભઃ આર્થિક ક્ષેત્રે અણધાર્યો લાભ મળે. મનની મુરાદ બર આવે.
મીનઃ નવિન યોજનાઓ સફળતાથી પાર પાડી શકશો.

## ખંભાળિયાના પશુ સેવકોને એવોર્ડ દ્વારા સન્માનિત કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

પોરબંદર ખાતે રવિવારે યોજવામાં આવેલા ગુજરાત કલા એવોર્ડ કાર્યક્રમમાં ખંભાળિયાની જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ અને ટ્રસ્ટના મુખ્ય સંચાલક અશોકભાઈ સોલંકીને ખાસ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના કાર્યકરો અને અબોલ પશુઓની સેવામાં રત રહેતા કમલેશભાઈ પાણખનીયા, જયસુખ નાથ, લખન હરીયાણીને પણ સુંદર કામગીરી બદલ એવોર્ડ એનાયત કરાયો હતો.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસાદી ઝાપટાનો દૌર જારી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી મુશળધાર વરસાદ વરસ્યો નથી. ત્યારે સમય અંતરે જુદા-જુદા વિસ્તારોમાં હળવા તેમજ ઝાપટા વરસવાના જારી રહે છે. આ વચ્ચે ગઈકાલે રાત્રે તેમજ આજે સવારે જિલ્લાના તમામ ચાર તાલુકાઓમાં હળવો વરસાદ નોંધાયો છે. સરકારી જારી કરવામાં આવેલા આંકડામાં ખંભાળિયા તાલુકામાં ૬ મિલીમીટર, દ્વારકા તાલુકામાં ૬ મિલીમીટર, ભાણવડ તાલુકામાં ૭ અને કલ્યાણપુર તાલુકામાં ૪ મિલીમીટર વરસાદ નોંધાયો છે. આ સાથે મોસમનો કુલ વરસાદ દ્વારકા તાલુકામાં સાડા ૫૬ ઈંચ, કલ્યાણપુર તાલુકામાં ૫૨ ઈંચ, ખંભાળિયા તાલુકામાં ૪૭ ઈંચ અને ભાણવડ તાલુકામાં ૩૦ ઈંચ થવા પામ્યો છે.

## ભાણવડના રેસ્ક્યુઅર દ્વારા તૂટેલી બોટલના ટુકડામાંથી બાળ અજગરને મુક્ત કરીને અપાયું નવજીવન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ભાણવડમાં વ્યાયામ શાળા નજીકના વિસ્તારમાં મોડી રાત્રે એક બાળ અજગર દેખાતા સ્થાનિકોએ તુરંત રેસ્ક્યુઅર અશોકભાઈ ભટ્ટનો સંપર્ક કર્યો હતો. રેસ્કયુ માટે આવનાર સર્પવિદ અશોકભાઈ ભટ્ટ દ્વારા આ બાળ અજગરને જોતા જ તે એક તૂટેલી પ્લાસ્ટિક બોટલનો ટુકડો શરીરના વચ્ચેના ભાગે ફસાયેલો હતો અને આના કારણે આ બાળ અજગર કેટલાક દિવસોથી કાઈ ખોરાક પણ ન લઈ શક્યો હોય અને વળી તે સરખી રીતે સરકી પણ ન શકતો હતો. આવી દયનીય હાલતમાંથી છોડાવીને તુરત જ તેને રેસ્કયુ કરાયો હતો.

ત્યાર બાદ શિવ બળદ આશ્રમ ખાતેના સારવાર કેન્દ્ર ઉપર તેને લઈ જઈ, અક્ષય સૂચક અને મેરામણ ભરવાડની મદદથી સિફતપૂર્વક આ બાળ અજગરને પ્લાસ્ટિકની બોટલના ટુકડામાંથી મુક્ત કરાયો હતો. આ પછી તેને બરડાના કુદરતી આવાસમાં વિચરતો કરી, અને તેને નવજીવન અપાયું હતું.

## ખંભાળિયામાં હોમગાર્ડના જવાનોને ફાયર તાલીમ અપાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયા વિસ્તારમાં હોમગાર્ડની ફરજ બજાવતા જવાનો ફાયર સેફ્ટી અંગેની તાલીમ જિલ્લા ફાયર ઓફિસર મિતરાજસિંહ પરમાર તેમજ તેમની ટીમ દ્વારા ખંભાળિયા હોમગાર્ડ વિભાગના કર્મચારીઓને આગ સામે સાવચેતી તેમજ પગલાં અંગેની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ફાયર સ્ટાફ દ્વારા હોમગાર્ડને પ્રેક્ટીકલ રીતે વિવિધ માર્ગદર્શન અપાયું હતું.

આ પ્રોજેકટમાં ડિસ્ટ્રિક્ટ કમાન્ડન્ટ સંદીપભાઈ ખેતિયા, હોમગાર્ડના ભૂતપૂર્વ ઓફિસર મલકાન સાથે હોમગાર્ડના જવાનોએ જોડાઈને જરૂરી તાલીમ મેળવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કમાન્ડન્ટ સંદીપભાઈ ખેતિયા દ્વારા ફાયર સેફ્ટી ઓફિસર મિતરાજસિંહ પરમારનું દ્વારકાધીશના ઉપર્ણા તેમજ સ્મૃતિચિહ્ન વડે સન્માન કરવામાં આવ્યું હતું.

## દ્વારકા જિલ્લાના ૨૦ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલના પ્રમોશન અપાયા

(પ્રતિનિધિ દ્વારા)જામ ખંભાળિયા તા.૧૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરમાં ૧૯ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ.ના પ્રમોશન અપાયા બાદ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા સોમવારે વધુ એક હુકમ જારી કરીને જુદા જુદા પોલીસ મથકમાં ફરજ બજાવતા ૨૦ કોન્સ્ટેબલને અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે. જેમાં મહિલા પોલીસ મથક, સાયબર ક્રાઈમ, હેડ ક્વાર્ટર સહિતના પોલીસ સ્ટેશનના મહિલા કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે.

# રાજ્યની સ્કૂલોમાં ૧૫ ઓગસ્ટ, ૨૬ જાન્યુઆરીએ વાલી સંમેલન મળશે

અમદાવાદ, તા.૧૪ રાજ્યની તમામ સ્કૂલોમાં ૧૫ ઓગસ્ટના રોજ પ્રથમ વાલી સંમેલન યોજાશે. દર વર્ષે સ્કૂલોમાં બે વાલી સંમેલન યોજવામાં આવતા હોય છે, જેમાં પ્રથમ વાલી સંમેલન ૧૫ ઓગસ્ટના રોજ યોજાયા બાદ બીજું વાલી સંમેલન ૨૬ જાન્યુઆરીના રોજ યોજાશે. વાલી સંમેલનમાં સ્કૂલના વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરવામાં આવ્યા બાદ જે સૂચનો આવે તેના ઉપર અમલ કરવાનો રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલોમાં વર્ષ દરમ્યાન બે વાલી સંમેલન કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. જેમાં આ વર્ષે પ્રથમ વાલી સંમેલન ૧૫ ઓગષ્ટ, ૨૦૨૪ અને બીજું વાલી સંમેલન ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના દિવસે યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ કે.જી.બી.વી હોસ્ટેલમાં બે વાલી સંમેલનનું આયોજન કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર કરી સૂચના આપવામાં આવી છે. વાલી સંમેલનમાં ૬થી ૧૪ વર્ષની વયજૂથના શાળા બહારના બાળકોના પ્રવેશ અને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ, સીઝનલ હોસ્ટેલ તેમજ સ્કૂલ ઓન વ્હીલ પ્રોજેકટ બાબતે, ઓનલાઈન અને ડિજીટલ માધ્યમથી શિક્ષણ, વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો CWSN સાધન સામગ્રીની પ્રાપ્તી તથા તેના ઉપયોગની જાણકારી, ટ્રાન્સપોર્ટ તથા એસ્કોર્ટની સગવડતાનું યોગ્ય આયોજન, વોકેશનલ એજયુકેશન શિક્ષણ, ડ્રોપ આઉટ અને કન્યા શિક્ષણ માટે ચિંતન, જ્ઞાનકુંજ પ્રોજેકટને લઈને સંમેલનમાં ચર્ચા કરવામાં આવશે. વાલી સંમેલનમાં સભ્યો ઉપરાંત શાળામાં ભણતાં અન્ય બાળકોના વાલીઓ, જે તે વિસ્તારના વડીલ આગેવાન વ્યકિતઓ, ગામના રોલ મોડેલ સમાન વ્યક્તિઓ ગામ પ્રેરક અને કર્મનિષ્ઠ વ્યકિતત્વ ધરાવતા કેળવણીકારોને આમંત્રણ આપવામાં આવશે. પ્રથમ સત્રમાં ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના સ્વાતંત્ર્ય દિન નિમિત્તે વાલી સંમેલનની ઉજવણી અને બીજા સત્રના વાલી સંમેલનમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ પ્રજાસત્તાક દિન નિમિત્તે દીકરીની સલામ દેશને નામ કાર્યક્રમની ઉજવણી કરવાની રહેશે. આ કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે ગામમાં જેટલી દીકરીઓનો જન્મ થયો હોય તેટલી દીકરીઓ અને તેમના માતા-પિતાને આમંત્રણ પત્રિકા આપીને બોલાવવાના રહેશે.

# શામળાજી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સામે ઉચાપતની ફરિયાદ અંગે ગુજરાત હાઈકોર્ટે આપ્યો મનાઈ હુકમ



અમદાવાદ, તા.૧૪ ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિઝર દેસાઈએ શ્રી ત્રિલોકીનાથ વિષ્ણુ મંદિર ટ્રસ્ટ (શામળાજી મંદિર)ના કેટલાક ટ્રસ્ટીઓ અને ફંડની ઉચાપતના કથિત કેસના સંબંધમાં આ ટ્રસ્ટીઓ પદાધિકારીઓ સામે નીચલી અદાલત દ્વારા શરૂ કરાયેલી ફોજદારી કાર્યવાહી ઉપર સ્ટે આપ્યો છે. કેસની વિગતો મુજબ, મુકેશ પ્રમોદરાય ત્રિવેદી અને અન્ય ટ્રસ્ટીઓએ વર્ષ ૨૦૨૧માં એક ટ્રસ્ટી પ્રફુલ ઉપાધ્યાયને ટ્રસ્ટ ફંડની કથિત ઉચાપત બદલ હટાવી દીધા હતા. ૨૦૨૨માં મેજિસ્ટ્રેટ કોર્ટ ભિલોડા દ્વારા તેમની સામે IPCની વિવિધ કલમો હેઠળ ફોજદારી કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી હતી. ચેરિટી કમિશનર દ્વારા આ ટ્રસ્ટી સામે વસૂલાતની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી હતી. હાલના ટ્રસ્ટીઓને ધમકાવવા બદલ ટ્રસ્ટીના પુત્ર સામે એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી હતી. ટ્રસ્ટીઓ સામે બદલો લેવા માટે, ઉપાધ્યાયે ૨૦૨૪માં મેજિસ્ટ્રેટ ભિલોડા સમક્ષ ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અરજદાર ટ્રસ્ટીઓ દ્વારા દાન પેટીમાંથી એકત્ર કરાયેલા કેટલાક ભંડોળ બેંકમાં જમા કરવામાં આવતા નથી. ફરિયાદીએ કોર્ટમાં જમા રકમનો અભાવ દર્શાવવા મેજિસ્ટ્રેટ સમક્ષ માત્ર અડધું બેંક સ્ટેટમેન્ટ આપ્યું હતું. મેજિસ્ટ્રેટ કોર્ટે ૨૩ જુલાઈના રોજ એક આદેશ દ્વારા અરજદાર ટ્રસ્ટીઓ સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરી હતી. કાયદાની પ્રક્રિયાના દુરૂપયોગ અને ખોટી અને ભ્રામક ફરિયાદો તરીકે ફોજદારી કાર્યવાહીને ટ્રસ્ટીઓ દ્વારા હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવી હતી. ટ્રસ્ટીઓને સાંભળ્યા બાદ અને રેકોર્ડ તપાસ્યા બાદ હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે કોર્ટને એવું લાગે છે કે ટ્રસ્ટની બાબતો ઉપર વર્ચસ્વ મેળવવા માટે ફરિયાદ દાખલ કરવામાં આવી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ અવલોકન કરીને ફોજદારી કાર્યવાહી ઉપર સ્ટે મૂક્યો છે.

# બેદરકાર શિક્ષકો સામે રાજ્ય સરકાર ક્યારે નક્કર પગલાં ભરશે ? : કોંગ્રેસ

અમદાવાદ,તા.૧૪ ગાંધીનગર સ્થિત શિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક કક્ષાના રીયલ ટાઈમ ઓનલાઈન મોનિટરિંગ-વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ડેઈલી રિયલ ટાઈમ ઓનલાઈન એટેન્ડન્સ સિસ્ટમના દાવા પછી શિક્ષણ વિભાગના ધ્યાને કેમ ન આવ્યું ? વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે આ તમામ ઈનીશીએટિવ માટે ખાસ ડેશબોર્ડસ તૈયાર કરવામાં આવેલા છે આ ડેશબોર્ડસ દ્વારા મુખ્યમંત્રીના ડેશબોર્ડ ઉપર પણ સતત ડેટા પૂરો પાડવામાં આવે છે. તો પછી સતત ગેરહાજર શિક્ષકો અંગે શિક્ષણ વિભાગ કેમ અજાણ ? આટલી ગંભીર બાબત પ્રત્યે કેમ બેદરકારી રાખવામાં આવી ? તેનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ડમી સ્કુલના મોટાપાયે ચાલતા વેપલાની સાથો સાથ ડમી શિક્ષકોનું વ્યાપક દુષણ શિક્ષણ જગત માટે ચિંતાજનક છે. અંતરિયાળ વિસ્તારોમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં સતત ગેરહાજર શિક્ષકોની તપાસ બાબતે શિક્ષણ વિભાગની સંપૂર્ણ લાલીયાવાડી ચાલી રહી છે. વિદેશ જવા માટે ૯૦ દિવસની રજા મળતી હોય છે. એક વર્ષ કરતા વધુ સમય સુધી રજા ઉપર રહે તો તેને બરતરફ કરવાની જોગવાઈ તો પછી સતત ગેરહાજર રહેતા શિક્ષકો સામે કેમ કાર્યવાહી કરવામાં ના આવી ? ગુજરાતમાં શાળાકીય શિક્ષણમાં આશરે ૨.૪ લાખ શિક્ષકો, ૧૦,૦૦૦ જેટલો સુપરવીઝન માટેનો સ્ટાફ મળી કુલ આશરે ૨.૫ લાખ કરતાં વધારે કર્મચારીઓ કાર્યરત છે. રિયલ ટાઈમ ઓનલાઈન મોનીટરીંગ માટે વર્ષ ૨૦૧૯માં શિક્ષણ ક્ષેત્રનું દેશનું સર્વ પ્રથમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર-સીસીસી કાર્યરત હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. આ વિદ્યા સમીક્ષા કેન્દ્રના બે અત્યાધુનિક મોનીટરીંગ રૂમમાંથી ખાસ પસંદ કરાયેલા અને તાલીમબધ્ધ ૫૦ શિક્ષકો દ્વારા સમગ્ર રાજ્યના બીઆરસી, સીઆરસી, જિલ્લાના અને તલુકાના અધિકારીઓ, શાળાના મુખ્ય શિક્ષકો વગેરેનું સતત મોનીટરીંગ, લાઈવ ડેટા શેરિંગ થઈ રહ્યા તેવું જાહેર કરેલ. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા છેલ્લા અઢી વર્ષમાં એકમ કસોટી (પીએટી), સત્રાંત અને વાર્ષિક પરીક્ષાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની રિયલ ટાઈમ ઓનલાઈન હાજરીના ૧ કરોડથી વધુ વિદ્યાર્થીઓના વિવિધ પ્રકારના ૫૦૦ કરોડ કરતાં વધુ અલગ અલગ પ્રકારના ડેટા સેટ દર વર્ષે મેળવવાની મહત્વની કામગીરી કરવામાં આવી રહી હોવાનો દાવો કરવામાં આવે છે. તેઓએ વધુમાં જણાવ્યું કે, રાજયના કેટલાક શિક્ષકો ચાલુ નોકરીએ વિદેશમાં કરી રહ્યા છે જલસા ! બાળકોના શિક્ષણના ભોગે કેટલાક શિક્ષકો વિદેશમાં મજા કરી રહ્યા છે. શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારનું એપીસેન્ટર છે. ગુજરાતમાં સરકારી શાળાઓમાં નોકરી-પગાર ચાલુ રાખી વિદેશ ગમન કરવાનું શિક્ષકોનું સુવ્યવસ્થિત કૌભાંડ, બેદરકાર શિક્ષકો સામે રાજ્ય સરકાર કયારે નક્કર પગલા ભરશે ? ગુજરાતના શિક્ષકોને યુએસ-કેનેડાનું ઘેલું લાગ્યું, જેઓ ચાલુ નોકરીએ લાંબા સમયથી અમેરિકા, કેનેડા પહોંચી ગયા બાદ પરત ફર્યા નથી. આવા શિક્ષકોને કારણદર્શક નોટિસ ફટકારાઈ, પરંતુ ટર્મિનેટ કેમ ન કરાયા ? આ શિક્ષકો કોની મદદ લઈને વિદેશમાં લાંબા સમયથી વસવાટ કરી રહ્યા છે ? બીજીબાજુ ૪૦,૦૦૦ કરતા વધુ શિક્ષકોની લાંબા સમયથી ખાલી જગ્યા છે. જે શિક્ષકો હાલ કાર્યરત છે એમાંથી મોટાભાગના શિક્ષકો પાસેથી શિક્ષણ સિવાયની વધારાની કામગીરીની ફરજ પાડવામાં આવે છે. જેના લીધે ગ્રામીણ વિસ્તારની સરકારી શાળાના ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના બાળકોના ભવિષ્ય સાથે ગંભિર ચેડા થઈ રહ્યાં છે. ત્યારે સરકારે મોટી મોટી જાહેરાતો કરવાને બદલે શિક્ષણ વ્યવસ્થાને સુધારવા માટે નક્કર પગલા ભરવા કોંગ્રેસ પક્ષની માંગ છે.

## યુપીના છોકરાને ‘થપ્પડ માર્યા બાદ દૃષ્ટિ ગુમાવી’, પ્રિન્સિપાલ, શિક્ષક સામે FIR

મેરઠ, તા.૧૪ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશને પગલે, મેરઠમાં પોલીસે મેરઠ કેન્ટોનમેન્ટમાં સરકારી સંચાલિત આર્મી પબ્લિક સ્કૂલના આચાર્ય અને યોગ પ્રશિક્ષક સામે “ધોરણ ૭ના વિદ્યાર્થીને થપ્પડ મારવા બદલ, જે પાછળથી અંધ બની ગયો હતો” એફઆઈઆર દાખલ કરી. વિદ્યાર્થીની માતા, ઈન્દુ દેવીએ આક્ષેપ કર્યો હતો કે તેનો પુત્ર રેટિનાની સમસ્યાથી પીડાતો હતો અને તેની દૃષ્ટિ ખૂબ જ ઓછી હતી અને શાળાના યોગ પ્રશિક્ષક, દક્ષ (પ્રથમ નામ ઉપલબ્ધ) દ્વારા તેને જોરથી થપ્પડ માર્યા પછી, તેના રેટિનાને વધુ નુકસાન થયું હતું. મેરઠમાં પોલીસે આર્મી પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ અને યોગ પ્રશિક્ષક સામે ૭મા ધોરણના વિદ્યાર્થીને થપ્પડ મારવા બદલ એફઆઈઆર દાખલ કરી છે, જેણે કથિત રીતે તેની પૂર્વ-અસ્તિત્વમાં રહેલી રેટિનાની સમસ્યાને વધુ ખરાબ કરી હતી અને અંધત્વ તરફ દોરી ગયો હતો. માતાની વિનંતીઓ છતાં, આચાર્યને કાર્યવાહી કરવામાં મહિનાઓ લાગ્યા. ત્યારથી વિદ્યાર્થીએ આંખની પાંચ શસ્ત્રક્રિયાઓ સફળતા વગર કરાવી છે. જાણ હોવા છતાં આચાર્યએ શરૂઆતમાં કોઈ પગલાં લીધા ન હતા. શિક્ષકને નોકરીમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો.

# મધ્યપ્રદેશના ગ્વાલિયર તથા ચંબલ ક્ષેત્રમાં મહિલાઓ દ્વારા બંદૂકો સાફ કરવાની તસ્વીરો પોલીસ માટે મુશ્કેલીનું કારણ

(એજન્સી) તા.૧૪ મધ્યપ્રદેશના બે જુદા-જુદા જિલ્લાઓમાં બે મહિલાઓ દ્વારા કપડાં ધોવા અને બંદૂકો લહેરાવવાના વાયરલ વીડિયો અને તસવીરોએ રાજયમાં ઉછરી રહેલી બંદૂક સંસ્કૃતિની ચોંકાવનારી વાર્તાઓ સામે લાવી રહી છે. સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયેલા એક વીડિયોના આધારે પોલીસે મુરૈના જિલ્લામાં એક ગેરકાયદેસર હથિયાર એકમનો પર્દાફાશ થયો. જયારે બીજા વીડિયોના આધારે પાડોશી દતિયા જિલ્લામાં પોલીસો વીડિયોમાં દેખાતી મહિલાઓને શોધવા માટે તપાસ અભિયાન શરૂ કર્યું, જેને કેટલાક લોકો ‘કટ્ટા ક્વિન’ કહી રહ્યા છે. મુરૈના જિલ્લાનો જે વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયો છે તેમાં એક મહિલા નવા બનેલા કટ્ટાને ધોતી દેખાઈ રહી છે, જ્યારે પાછળ એક વ્યક્તિ તેને પિસ્તોલ સાફ કરવાનો નિર્દેશ આપી રહ્યો છે. સોશિયલ મીડિયા ઉપર વીડિયો વાયરલ થયા પછી મહુઆ પોલીસ કાર્યરત થઈ. મહુઆ સ્ટેશન ઈન્ચાર્જ પવનસિંહ મુજબ વીડિયોની ચકાસણી પછી પોલીસ ટીમે ગણેશપુરા વિસ્તારમાં એક ઘર ઉપર દરોડા પાડ્યા, જે પાછલા છ મહિનાથી ગેરકાયદેસર હથિયાર બનાવવાનો ધંધો ચાલી રહ્યો હતો. ઘરમાંથી ત્રણ દેશી પિસ્તોલ અને કેટલીક અર્ધ બનેલી બંદૂકો સાથે જ ગેરકાયદેસર રીતે બંદૂકો બનાવવામાં ઉપયોગ થતા ઉપકરણ અને કાચોમાલ જપ્ત કરવામાં આવ્યો. પોલીસે મહિલાના પતિ શક્તિ સખવાર અને તેના પિતા બિહારીલાલ સખવારની પણ ધરપકડ કરી લીધી અને શસ્ત્ર કાયદા હેઠળ કેસ દાખલ કર્યો હતો. પોલીસ હવે પકડાયેલા હથિયાર અને સમૂહના અન્ય સંબંધોની પણ તપાસ કરી રહી છે. ખાસ કરીને એટલા માટે કારણ કે મુરૈના જિલ્લો એક તરફ રાજસ્થાનથી તેમજ બીજી તરફ ઉત્તર પ્રદેશથી અડેલો છે.

# બિહારની શિક્ષિકા ખુશ્બુ કુમારી જેમણે પોતાની અનોખી શિક્ષણ શૈલીથી ઈન્ટરનેટ ઉપર હોબાળો સર્જી દીધો છે



(એજન્સી) તા.૧૪ બિહારના બાંકાની શિક્ષિકા ખુશ્બુ કુમારીની અનોખી શિક્ષણ શૈલી દર્શાવતો વીડિયો દેશભરના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર ધૂમ મચાવી રહ્યો છે. ખુશ્બૂ વિદ્યાર્થીઓને ગણિત અને અન્ય વિષયો મજેદાર રીતે શીખવવા સાથે જોડાય છે. આઈએએસ અધિકારીઓ સહિત ઘણા વપરાશકર્તાઓ ખુશ્બુની અનોખી શિક્ષણ પદ્ધતિઓની ક્લિપ્સ શેર કરી રહ્યા છે, જેનાથી તેણી ઈન્ટરનેટ સેન્સેશન બની ગઈ છે. તેમણે સરકારના ચિહકાર કાર્યક્રમ હેઠળ તેમની તાલીમનો ઉપયોગ ઉચ્ચ શાળાના બાળકોને જટિલ ભૂમિતિની સમસ્યાઓ શીખવવા માટે અને લોકપ્રિય બોલિવૂડ ગીતો શીખવવા માટે કર્યો છે જેથી ભારત સરકાર દ્વારા આયોજિત ચિહકા કાર્યક્રમનો ઉદ્દેશ્ય બાળકોને શિક્ષિત કરવાનો છે હાલમાં શાળા પ્રણાલીમાં નથી અને તેમને ઔપચારિક શિક્ષણ પ્રણાલીમાં પાછા લાવો. ખુશ્બુની સફળતાના સમાચાર ટીચર્સ ઓફ બિહાર ફેસબુક ગ્રુપમાં શેર થયા બાદ દેશભરમાં ફેલાઈ ગયા હતા. ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના OSD સંજય કુમારે તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી. પ્રોથોમોટ સેકન્ડરી સ્કૂલ કાથૌનમાં, ચાહક એફએલએન (ફાઉન્ડેશનલ લિટરેસી એન્ડ ન્યુમરસી) પ્રોગ્રામ વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યેની રૂચિને પ્રજ્વલિત કરવા, અભ્યાસક્રમની તેમની સમજને સુધારવા અને શાળામાં તેમની સતત હાજરી સુનિશ્ચિત કરવા માટે રચાયેલ છે. ખુશ્બુ કુમારીએ જણાવ્યું કે તેના સ્વર્ગસ્થ પિતા તેની ખુશખુશાલ જોઈને હંમેશા ખુશ રહેતા હતા અને તેને ડાન્સ શીખવા માટે પ્રોત્સાહિત કરતા હતા. ચાહક કાર્યક્રમ દ્વારા તે દરેક બાળકને પોતાના ગણે છે જેના કારણે વિદ્યાર્થીઓની હાજરીમાં નોંધપાત્ર વધારો થયો છે. આચાર્ય તુલસી દાસે ખાતરી કરી છે કે શાળાનું સંચાલન અને સરકાર દ્વારા નિર્દેશિત કાર્યક્રમો અત્યંત ગંભીરતા અને સમર્પણ સાથે અમલમાં આવે છે.

# પૃથ્વી હવે ‘ટિપિંગ પોઈન્ટ’ની નજીક છે, અવૈજ્ઞાનિક માહિતીનો ફેલાવો (સ્યુડોસાયન્સ) ‘ખતરનાક’ છે : દિલ્હીમાં ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સના કાર્યક્રમમાં નિષ્ણાંતોનો અભિપ્રાય

**આ વર્ષે વૈજ્ઞાનિક સ્વભાવને પ્રોત્સાહન આપવા, વૈજ્ઞાનિક સંશોધનના મહત્ત્વની હિમાયત કરવા, આબોહવા પરિવર્તન વિશે જાગૃતિ ફેલાવવા માટે ધ્યાન આપવામાં આવ્યું છે**

નવી દિલ્હી તા.૧૪ નવી દિલ્હીમાં, દિલ્હી યુનિવર્સિટી, નોર્થ કેમ્પસ, ફેકલ્ટી ઓફ આર્ટ્સ ખાતે શનિવારે યોજાયેલ ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સ (IMFS)ના દિલ્હી ચેપ્ટરમાં પ્રોફેસરો, શિક્ષકો, કાર્યકરો અને શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ આબોહવા પરિવર્તન, પર્યાવરણીય અધોગતિ વિશે તેમની ચિંતાઓ વ્યક્ત કરી હતી અને સ્યુડોસાયન્સના જોખમો અને ભારે વરસાદ અંગેના દાવાઓ માટે સહભાગીઓએ વૈજ્ઞાનિક સ્વભાવને પ્રોત્સાહન આપવા અને શંકાસ્પદ દાવાઓને રદ કરવા અંગે જાગૃતિ ફેલાવી હતી.

૨૨ એપ્રિલ ૨૦૧૭ના રોજ પૃથ્વી દિવસ નિમિત્તે માર્ચ ફોર સાયન્સ, વૈશ્વિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા અવૈજ્ઞાનિક દાવાઓ અને તેમના ક્લાયમેટ ચેન્જના ઈન્કારના વિરોધમાં આ ઈવેન્ટ શરૂ કરવામાં આવી હતી. ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સ બેંગલુરૂ, કોલકાતા, ચેન્નાઈ અને અમદાવાદ સહિત અનેક શહેરોમાં યોજાય છે. આ વર્ષની ઈવેન્ટનું ધ્યાન સામાન્ય લોકોમાં, ખાસ કરીને યુવાનોમાં વૈજ્ઞાનિક સ્વભાવને પ્રોત્સાહન આપવા ઉપર હતું. જેમાં વૈજ્ઞાનિક સંશોધનના મહત્વની હિમાયત કરવી. સ્યુડોસાયન્ટિફિક માહિતીના પ્રચારને અટકાવવો. અને આબોહવા પરિવર્તન વિશે જાગૃતિ ફેલાવવી.

કોલકાતાની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્ટિફિક એજયુકેશન એન્ડ રિસર્ચ (IISER)ના પ્રોફેસર અને બ્રેકથ્રુ સાયન્સ સોસાયટીના જનરલ સેક્રેટરી ડો.સૌમિત્રો બેનર્જીએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, અવૈજ્ઞાનિક માન્યતાઓનો પ્રચાર અને પર્યાવરણનું અધઃપતન એ એવા મુદ્દા છે જેના વિશે વૈજ્ઞાનિક સમુદાય ચિંતિત છે, અને અમે આ મુદ્દાઓને ઉઠાવી રહ્યા છીએ અને સરકારને આના ઉપર ધ્યાન આપવાની માંગ કરી છે. સહભાગીઓનો પ્રતિસાદ સારો રહ્યો છે.

સ્યુડોસાયન્સ સમાજ માટે હાનિકારક અને જોખમી છે. વ્યક્તિએ પુરાવા આધારિત વિજ્ઞાનમાં વિશ્વાસ કરવો જોઈએ. વૈજ્ઞાનિક પુરાવા દર્શાવે છે કે આબોહવા પરિવર્તન ચાલુ છે. અમે ‘ટિપિંગ પોઈન્ટ’ની નજીક આવી રહ્યા છીએ, અને આત્યંતિક હવામાન પરિસ્થિતિઓ જેમ કે હીટવેવ્સ, અકાળ વરસાદ અને અચાનક પૂર એ સંકેતો છે કે આપણે ટિપીંગ પોઈન્ટની નજીક આવી રહ્યા છીએ. જો તમે ‘ટિપિંગ પોઈન્ટ’ ઉપર પહોંચો છો, તો તમે પાછા ફરી શકતા નથી. આયોજકોએ આક્ષેપ કર્યો હતો કે સરકાર ક્લાઈમેટ ચેન્જ સામે લડવા માટે પૂરતું કામ કરી રહી નથી. ધ ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સ એ એક સપ્તાહ લાંબી ઈવેન્ટ છે. દિલ્હી-એનસીઆરમાં ઉનાળામાં અતિશય ગરમી અને શિયાળામાં ગંભીર વાયુ પ્રદૂષણ એ આબોહવા પરિવર્તનને આભારી છે. આને રોકવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો કોઈ નોંધપાત્ર પગલાં લઈ રહી નથી. વૈજ્ઞાનિક સમુદાય નીતિ ઘડનારાઓને ઘણા મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક મુદ્દાઓથી વાકેફ કરે છે. વિજ્ઞાનપ્રસાર, એક સ્વાયત્ત સંસ્થા છે જે વૈજ્ઞાનિક વિચારસરણીને પ્રોત્સાહન આપે છે અને વિજ્ઞાન સંદેશાવ્યવહાર માટે નોડલ એજન્સી તરીકે સેવા આપે છે તેને બંધ કરવું અયોગ્ય છે.

**જળવાયુ પરિવર્તનને કારણે લાખો લોકોનાં મોત**

ભારત તેના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ના ૦.૮ ટકાથી ઓછો વિજ્ઞાન અને ટેક્નોલોજી ઉપર ખર્ચ કરે છે, મોટાભાગના વિકસિત અને વિકાસશીલ દેશો તેમના જીડીપીના ૨.૮થી ૩.૫ ટકા ખર્ચ કરે છે. સ્વયંસેવકોએ વિજ્ઞાન અને તકનીકી પ્રવૃત્તિઓ ઉપર ખર્ચ વધારવાના મહત્વ ઉપર ભાર મૂક્યો હતો. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ના માત્ર ૨.૫૯ ટકા શિક્ષણ માટે ફાળવવામાં આવ્યા છે તે હકીકત ગંભીર પરિસ્થિતિ છે.

આબોહવા પરિવર્તનને નકારતા લોકો વિશેના તેમના અભિપ્રાય વિશે પૂછવામાં આવતા, કુમારે કહ્યું કે, હું તેમને કેન્દ્રીય એર-કન્ડિશન્ડ ઘરોમાં રહેવાનું બંધ કરવા અને લક્ઝરી કારમાં મુસાફરી ન કરવા કહીશ. ત્યારે તેમને ખ્યાલ આવશે કે પર્યાવરણની સ્થિતિ શું છે. આબોહવા પરિવર્તનને કારણે વિશ્વભરમાં લાખો લોકો મરી રહ્યા છે. તેમણે લદ્દાખ, કેદારનાથ અને વાયનાડના ઉદાહરણો ટાંક્યા, જ્યાં માનવ પ્રવૃત્તિથી પ્રેરિત આબોહવા પરિવર્તનની અસરો દેખાય છે. હું ૨૦ વર્ષથી દિલ્હી યુનિવર્સિટીના નોર્થ કેમ્પસમાં રહું છું. અગાઉ કેટલાય




યાયાવર પક્ષીઓ આવતા હતા. હવે એક પણ પક્ષી જોવા મળતું નથી. આબોહવા પરિવર્તનને કારણે, તેઓએ સ્થળાંતર કરવાનું બંધ કરી દીધું છે.

નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ના ભાગ રૂપે, ધોરણ ૧૧ ના NCERT વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોમાંથી સામયિક કોષ્ટક અને ડાર્વિનની થિયરી દૂર કરવામાં આવી છે, આ વિષયો ફક્ત ૧૧ અને ૧૨ના ધોરણના એવા વિદ્યાર્થીઓ માટે રજૂ કરવામાં આવ્યા છે જેઓ વિજ્ઞાન પસંદ કરે છે. ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સના દિલ્હી પ્રકરણમાં પ્રોફેસરો અને કાર્યકરોએ આ મુદ્દો ઉઠાવ્યો હતો. વિજ્ઞાન કાર્યકર્તા અને ઈન્ડિયા માર્ચ ફોર સાયન્સ (દિલ્હી)ના આયોજકોમાંના એક દિનેશ મોહંતાએ ધ પ્રિન્ટને જણાવ્યું કે અવૈજ્ઞાનિક વસ્તુઓના પ્રચાર જેટલું “ખતરનાક” કંઈ નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે શાળાના પુસ્તકોમાંથી અભિન્ન વિજ્ઞાન વિષયોને દૂર કરવા એ ચિંતાજનક છે, અને લાંબા ગાળે તેના ગંભીર પરિણામો આવશે.

ભૌતિકશાસ્ત્રમાં ન્યુટોનિયન મિકેનિક્સ કેવી રીતે ક્વોન્ટમ મિકેનિક્સમાં વિકસિત થયું તેનું ઉદાહરણ આપતા, મોહંતાએ જણાવ્યું હતું કે ચોક્કસ પેઢીના સંશોધકો દ્વારા અનુમાનિત વૈજ્ઞાનિક શોધો અને સિદ્ધાંતો નવી શોધોને કારણે આપણે આગળ વધીએ છીએ તેથી નવા વૈજ્ઞાનિક તથ્યોને સ્વીકારવા તૈયાર રહેવું મહત્વપૂર્ણ છે. વિજ્ઞાન એ માત્ર પૈસા કમાવવાનું સાધન નથી. વિજ્ઞાન એ ‘સત્ય’ છે. લોકો તેમના વૈજ્ઞાનિક જ્ઞાન ફેલાવવા માટે શહીદ થયા છે. જો આપણે વિજ્ઞાનને સ્વભાવ તરીકે ફેલાવીએ અને તેને મનોરંજક બનાવીએ, તો લોકો તેને ક્યારેય ભૂલી શકશે નહીં.

# ગોંડલની યુએલડી કન્યા વિદ્યાલયમાં જાથાનો લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો

## દેશમાં અંધશ્રધ્ધા સામે કાયદાની તાતી જરૂરીયાત છે : વિજ્ઞાન જાથા



અમદાવાદ તા.૧૪

ગોંડલ લેઉઆ પટેલ કન્યા કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ જે. એમ. કાછડીયા છાત્રાલય, શ્રીમતિ યુ.એલ.ડી. કન્યા વિદ્યાલય, મહિલા કોલેજના સંયુક્ત ઉપક્રમે છાત્રાઓ, વાલી, જનસમાજમાં અંધશ્રદ્ધા દૂર કરવાનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ હર્ષોલ્લાસ, સફળતાથી સંપન્ન થયો હતો. રાજયો અને દેશમાં અંધશ્રદ્ધા સામે કાયદાની તાતી જરૂરીયાત છે તે સંબંધી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન અને સંસ્થાનો પરિચય આચાર્ય એન. ડી. દેસાઈએ આપી ભારતમાં અંધશ્રદ્ધાથી લોકોનું કેટલું નુકશાન થાય છે તેની વિસ્તૃત હકિકત આપી હતી. દેશમાં જાથાની પ્રવૃત્તિ ઉપકારક છે. ગામે-ગામ જાથાની શાખાઓ સ્થાપવાની જરૂર છે તેવો મત વ્યકત કર્યો હતો. છાત્રાઓ માટે સર્વાંગી ઉપયોગી સાબિત થશે.

કેળવણી મંડળના પ્રમુખ વિઠ્ઠલભાઈ ધડુકે જણાવેલ કે, માનવીને અંધશ્રદ્ધા બરબાદી તરફ ધકેલે છે. લોકોએ સાવધાન રહેવાની જરૂર છે. મને તેમજ બધા ટ્રસ્ટીઓને જાથાની પ્રવૃત્તિ ગમે છે તેથી આયોજન ગોઠવ્યું છે. અમારા સંકુલમાં જાથાનો આ ચોથો કાર્યક્રમ છે. અમો ખુશ છીએ તેથી આ વર્ષે વિશેષ પુરસ્કાર આપી સન્માન કર્યું છે.

આ પ્રસંગે ઉપપ્રમુખ કચરાભાઈ વૈષ્ણવ, કિશોરભાઈ ભાલાળા, અમૃતભાઈ ઠુંમર, શશીકાંત રૈયાણી, કુરજીભાઈ વિરડીયા, કાંતિભાઈ, વ્યવસ્થાપક મુકેશભાઈ માવાણી, આચાર્ય એન.ડી. દેસાઈ, પ્રિન્સિપાલ વિપુલભાઈ દેસાઈ, બિલડીના બટુકભાઈ બારોટ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ દેગામીએ મુંજાવરની વેશભૂષામાં આવી અભિભૂત કરી પ્રયોગ નિદર્શન સાથે ચમત્કારિક પાછળના રહસ્યોની પોલખોલ કરી હતી. આ કાર્યક્રમ નિહાળવા માટે આવેલા ૧૫૦૦ છાત્રાઓ, વાલીના દિલે જીતી લીધા હતા.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર જોષીપુરા, જૂનાગઢની વિદ્યાર્થીનીઓનો શાળાકીય રમતોત્સવમાં ઉત્કૃષ્ટ દેખાવ



જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ જિલ્લાની નામાંકિત અને સર્વશ્રેષ્ઠ ગ્રાન્ટેડ શાળા માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર, જોષીપુરા, જૂનાગઢમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ અભ્યાસ અને સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં જિલ્લાકક્ષાએ જ નહીં પરંતુ રાજ્ય અને રાષ્ટ્રસ્તરે પણ સતત ઝળકતી રહી છે. આ શાળાના આચાર્ય અને વિદ્યાગુરૂશ્રીઓના માર્ગદર્શન હેઠળ શાળાની વિદ્યાર્થિનીઓએ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રમતગમતના વિવિધ ક્ષેત્રોમાં સફળતાના ઉચ્ચત્તમ શિખરો સર કર્યા છે.

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢ દ્વારા તા.૧૨-૮-૨૪ ને સોમવારના રોજ 'શાળાકીય રમતોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ શાળાના આચાર્યા સુશ્રી જયશ્રીબેન રંગોલિયા અને શિક્ષિકા સુશ્રી રેખાબેન બારડના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ હતો. ઉક્ત શાળાકીય રમતોત્સવમાં આ શાળાની વિદ્યાર્થિનીઓ કુ.મારૂ જિલએ ૪૦૦ મીટર દોડમાં પ્રથમ અને ટ્રેડિશ્નલ યોગાસનમાં તૃતીય ક્રમાંક, કુ.રાબડિયા પ્રિયાએ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમાંક, કુ.સેવરા આરૂચીએ ૮૦ મીટર વિઘ્ન દોડમાં પ્રથમ ક્રમાંક, કુ. જોશી આસ્થાએ ૨૦૦ મીટર દોડમાં તૃતીય ક્રમાંક તેમજ કુ.ભારાઈ તૃષાલીએ લાંબીકૂદમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરીને શાળાને અનેરૂં ગૌરવ અપાવ્યું છે.

શાળાની વિદ્યાર્થીનીઓની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટરસી.પી.રાણપરિયા સહિત ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે હાર્દિક અભિનંદન સહ અંતઃકરણની શુભકામનાઓ પાઠવી હતી.

### હિન્દુ-મુસ્લીમ-શીખ-ઈસાઈ હમ વતન હમ નામ હૈ...જો કરે ઈનકો જુદા મઝહબ નહીં ઈલ્ઝામ હૈ...

# જૂનાગઢ જીલ્લા પોલીસ વિભાગ દ્વારા માંગરોળ ખાતે ભવ્ય ત્રિરંગા યાત્રા કાઢવામાં આવી

## માંગરોળ હિન્દુ-મુસ્લીમ સમાજનાં લોકો ત્રિરંગા યાત્રામાં જોડાયા, લોકોમાં ૭૮ માં આઝાદી પર્વનો અનેરો ઉત્સાહ



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. ૧૪

જૂનાગઢ જીલ્લા અને માંગરોળ પોલીસ વિભાગ દ્વારા માંગરોળ ખાતે આઝાદીના ૭૮માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ ભવ્ય ત્રિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. આ ત્રિરંગા યાત્રામાં માંગરોળ મુસ્લિમ અને ખારવા સમાજ સહિત હિન્દુ સમાજની વિવિધ સામાજિક સંસ્થાઓ અને સંગઠનો, શૈક્ષણિક તેમજ ધાર્મિક ઈદારાઓ પણ જોડાતા પોલીસ વિભાગની આ ભવ્ય ત્રિરંગા યાત્રામાં હિન્દુ મુસ્લિમ એકતાનાં પણ હ્રાદક દ્રશ્યો જોવા મળ્યા હતા. આ વિરાટ ત્રિરંગા યાત્રાનું પ્રસ્થાન માંગરોળના દરિયા કિનારે આવેલ શહીદ સ્મારકથી કરવામાં આવ્યું હતું. શહીદ સ્મારક પર માંગરોળના બે સહિત જવાન પ્રિન્સ મેજર મો.અલી શેખ અને લેફ્ટનન્ટ સુરેશજી સામંતને યાદ કરીને જીલ્લા પોલીસ વડા દ્વારા પૃષ્પાજંલી અર્પણ કરવામાં આવી હતી. આ સાથે હિન્દુ મુસ્લિમ બંને સમાજના આગેવાનોએ પુષ્પાજંલી અર્પણ કરી હતી. 'ઈન્કલાબ જીંન્દાબાદ', 'આઝાદી અમર રહો', ' સારે જહાંસે અચ્છા હિન્દુસ્તા હમારા', 'આધી રોટી ખાયેંગે લેકીન દેશ કો બચાએં ગે' ના નારાઓ સાથે નિકળેલી ભવ્ય ત્રિરંગા યાત્રા ચોપાટીથી, જુની દિવાદાંડી (લાઈટ હાઉસ) થઈ જહાંનીયા પીરની દરગાહ, સોમનાથ ભવન થઈ નવી જેટી ખાતે પહોચી હતી. માંગરોળ બંદર પરના ખારવા સમાજના આગેવાનો, બંદરની તમામ શાળાઓના બાળકો અને શહેરોમાંથી મદ્રેસાના તલબાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાંથી વિદ્યાર્થીઓ તેમજ શહેરના મુસ્લિમ આગેવાન, યુવાનો પણ ઉત્સાહભેર બહોળી સંખ્યામાં ત્રિરંગા યાત્રામાં જોડાયા હતા. ભવ્ય ત્રિરંગા યાત્રામાં ઠેર-ઠેર મહિલાઓ દ્વારા પૃષ્પવર્ષા કરી ત્રિરંગા યાત્રાનું સ્વાગત કર્યુ હતું.

માંગરોળના ધારાસભ્ય ભગવાનજી કરગઠીયા, મુસ્લિમ સમાજના પ્રમુખ મુહમ્મદહુસૈન ઝાલા, ખારવા સમાજના પ્રમુખ ધનસુખ ગોસીયા, ખારવા સમાજના વેલજીભાઈ મસાણી, બૈતુલમાલ ફંડના પ્રમુખ હનીફ પટેલ, મુફતી હનીફ જડા, મૌલાના ઈબ્રાહીમ ઉદયા સહીત બહોળી સંખ્યામાં આગેવાનો જોડાયા હતા. યાત્રાના અંતે લોકોને સંબોધિત કરતા જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે માંગરોળની આ ભૂમિ ઉપર રાષ્ટ્ર પ્રેમ સાથે તમામ ધર્મના લોકો અહીંયા એકત્રિત થયા છે. આપ સૌને વંદન કરૂં છું કે રાષ્ટ્રની આઝાદી અને અખંડિતતાને આવી જ રીતે એકતા સાથે આપણે સૌ ભારતના નાગરિકો સૌ એક રહીને જયારે દેશ માટેનો વિચાર કરીશું કે, હું નહીં પરંતુ મારો દેશ પ્રથમ આ વિચારધારા સાથે આપણે સૌ જયારે સાથે જોડાશું ત્યારે દુનિયાની કોઈ તાકાત ભારતને એક સમૃદ્ધ અને ઉન્નત રાષ્ટ્ર બનવાથી રોકી નહીં શકે. પ્રાંત અધિકારી ગરચરે સૌ જનતાનો ત્રિરંગા યાત્રામાં જોડાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા જસદણ શહેર ખાતે 'હર ઘર તિરંગા' યાત્રા યોજાઈ

## યાત્રા દરમ્યાન 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારા સાથે દેશભક્તિના ગીતોથી સમગ્ર માહોલ દેશભક્તિમય બન્યો



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૪

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીની સૂચના મુજબ રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવે,રાજકોટ જિલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાના સહકારથી રાજકોટ જીલ્લાની સમગ્ર જનતાને સ્વતંત્ર પર્વના રંગે રંગવા જસદણ શહેર ખાતે રાષ્ટ્રીય પર્વ 'હર ઘર તિરંગા' યાત્રા યોજવામાં આવી હતી. તિરંગા યાત્રા દરમ્યાન ભારત માતા કી જય અને વંદે માતરમ્‌ના નારા સાથે દેશભક્તિના ગીતોથી સમગ્ર માહોલ દેશભક્તિમય બની ગયો હતો. આ પ્રસંગે ૭૮માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાનની આન, બાન અને શાન સાથે ઉજવણી થઈ રહી છે. સ્વાતંત્ર્ય પર્વ આપણા પરંપરાગત તહેવાર કરતાં અધિક મૂલ્યવાન છે અને આ અધિક મૂલ્યવાન પર્વની સમગ્ર દેશમાં ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે.

આઝાદીના અમૃતકાળમાં રાષ્ટ્રભકિતની અને રાષ્ટ્રીય ચેતનાને પ્રબળ બનાવવાના ઉદ્દેશ સાથે આગામી સ્વાતંત્ર પર્વ પૂર્વે ઠેર-ઠેર 'હર ઘર તિરંગા યાત્રા' ચાલી રહી છે, જેના ભાગરૂપે રાજકોટ જિલ્લાકક્ષાની તિરંગા યાત્રા જસદણ ખાતે કેબીનેટમંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જસદણના જળ શક્તિ સર્કલ ખાતેથી માર્કેટિંગ યાર્ડ સુધીની પદયાત્રામાં લોકોએ વરસાદમાં હાથમાં તિરંગો લહેરાવી દેશભકિતના નારા સાથે નગરજનોને રાષ્ટ્રભકિતની ભાવનામાં તરબતર કર્યા હતા. યાત્રામાં રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ દર્શાવતા વિવિધ ફ્લોટ્સ જોડાયા હતા. કાર્યક્રમના સ્થળે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ રંગારંગ કૃતિઓ રજૂ કરાઈ હતી. મોડલ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ કરાટેના દાવ પેચ રજુ કરી નારી સશક્તિકરણનું ઉદાહરણ પુરૂં પાડયું હતું. આ તિરંગા યાત્રામાં જીલ્લા મંત્રી સીમાબેન જોશી, જીલ્લા મંત્રી મનોજભાઈ રાઠોડ, મંડલ પ્રભારી દિનેશભાઈ અમૃતિયા, જીલ્લા યુવા મોરચા પ્રમુખ અશ્વિનભાઈ મોલીયા, જીલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ નવીનપરી ગૌસ્વામી, જીલ્લા બક્ષીપંચ મોરચા મહામંત્રી કમલેશભાઈ વરૂ, અશોકભાઈ ચાંવ, અશોકભાઈ મહેતા, અશોકભાઈ ધાધલ, અનિલભાઈ મકાણી, પંકજભાઈ ચાવ, ભાવેશભાઈ વેકરીયા, કલ્પેશભાઈ રૂપારેલીયા, જીગ્નેશભાઈ હિરપરા, વિનુભાઈ ધડુક તેમજ સંગઠનના પદાધિકારીઓ, વિવિધ વેપારી એસોસિએશન, સહકારી ક્ષેત્રના આગેવાનો સહીતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયાના ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવેલ છે.

# રાજકોટની બાલાજી ઈએનટી ક્લિનીક ખાતે નિઃશુલ્ક નિદાન-સારવાર કેમ્પ યોજાશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૪

રાજકોટના ડો. વૈભવ હાપલિયા (MS.ENT & SKULL BASE SURGEON) ની યાદીમાં જણાવેલ છે કે, તા.૧૮ - ૮ - ૨૪, રવિવારે સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી બાલાજી ઈ.એન.ટી ક્લિનિક, સન્માન હોસ્પિટલ, સૂર્યમુખી હનુમાન મંદિરની બાજુમાં, નાના મવા મેઈન રોડ રાજકોટ ખાતે તદન નિઃશુલ્ક કાન-નાક-ગળાની તપાસ તથા માર્ગદર્શન તેમજ વાત્સલ્ય સ્પીચ એન્ડ હિયરિંગ ક્લિનિક દ્વારા સાંભળવાની તકલીફ ધરાવતા દર્દીઓને બહેરાશની તપાસ તથા જરૂરિયાત મંદ ગરીબ દર્દીઓને તદન નિઃશુલ્ક શ્રવણયંત્ર વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આ શ્રવણયંત્રના મુખ્ય દાતા તરીકે પ્રશાંત કાસ્ટિંગ ઈન્ડસ્ટ્રીના માલિક શંભુભાઈ પરસાણા પોતાની સેવા આપશે. જેમના દ્વારા પ્રથમ વહેલા તે પહેલાના ધોરણે ૬૦ થી ૭૦ શ્રવણયંત્રની જરૂરિયાત વાળા ગરીબ દર્દીઓને શ્રવણયંત્ર મશીનનું તદન વિતરણ કરવામાં આવશે.

હાલના કોરોના પછીના સમયમાં લોકોમાં સાંભળવાની તકલીફોમાં ખૂબ વધારો થઈ રહ્યો છે. જેમાં મોબાઈલનો વધુ પડતો ઉપયોગ, સતત વધતાં જતાં ઘોંઘાટ, અન્ય બીમારીઓને લીધે પણ કાનની સાંભળવાની નસ સુકાઈ જવાના કિસ્સા ખૂબ વધી રહ્યા છે અને પછી તેનો એક જ ઈલાજ છે શ્રવણયંત્ર. જે સમાજના ગરીબ લોકો લઈ શકતા નથી તો ખાસ આવા દર્દીનારાયણની સેવા કરી શકિએ અને તેને નવી હીયરિંગ લાઈફ આપી શકિએ અને દર્દીના આશીર્વાદ સદાય મળતા રહે અને આ સેવાયજ્ઞ સમયાંતરે યોજાતા રહે તેવો પ્રયાસ સાથે આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે તો જે લોકોને પણ કાન-નાક-ગળાને લગતી તથા સાંભળવાની તકલીફ હોય તો અવશ્ય આ કેમ્પનો લાભ લે.

આવનાર દર્દીઓએ કેમ્પ પહેલા પોતાનું નામ તથા પોતાની તકલીફ વિષે મો. ૯૦૯૦૫ ૨૭૦૭૦ તથા ૯૦૯૦૫ ૩૭૦૭૦ ઉપર પોતાની વિગત લખાવીને રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમ યાદીમાં જણાવાયું છે.

# ગર્ગાચાર્યજીની શિવ-ઉપાસના



## શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ

દેવેન કનકચંદ્ર વ્યાસ

મહર્ષિ ગર્ગાચાર્યજી આંગિરસ ગોત્રમાં જન્મ્યા હતા. તેઓ એક સુપ્રસિધ્ધ મન્ત્ર દ્રષ્ટા ઋષિ હતા. ઋગ્વેના ૬/૪૭ સુક્તના દ્રષ્ટા ગર્ગાચાર્યજી જ છે. ગર્ગાચાર્યજીનો સુપ્રસિધ્ધ આશ્રમ કુરૂક્ષેત્ર પ્રદેશમાં દેવનદી સરસ્વતીના તટ ઉપર હતો. ગર્ગાચાર્યજીએ આ આશ્રમમાં રહી ઉગ્ર તપસ્યા વડે જ્યોતિષ શાસ્ત્રના જ્ઞાનની પ્રાપ્તિ કરી અને જયોતિષ શાસ્ત્રના ઉત્તમ ગ્રંથોની રચના કરી. જેમાં 'ગર્ગ સંહિતો' નામના પરમ પવિત્ર ઐતિહાસિક ગ્રંથનો પણ સમાવેશ થાય છે. આ ગર્ગાચાર્યજી પરમ શિવભક્ત હતા. તેઓ મહારાજ પૃથુ અને યદુવંશીઓના ગુરૂ અને કુલપુરોહિત હતા. ભગવાન શ્રી કૃષ્ણની કુંડળી તેમણે બનાવી તેનો ફળાદેશ કરેલો. ગોત્રકાર ઋષિઓમાં પણ તેમની વિશિષ્ટ રૂપથી ગણના થાય છે. ભગવાન શિવજીમાં અતુટ શ્રધ્ધા રાખી તેમની ભક્તિ કરનારા ગર્ગાચાર્યજીએ ભગવાન શિવજીની આરાધના વડે જ શ્રેષ્ઠ જ્ઞાનની પ્રાપ્તિ કરી હતી. મહાભારતના અનુશાસન પર્વની કથા પ્રમાણે તેમણે પવિત્ર સરસ્વતી નદીના તટ ઉપર શિવજીને પ્રસન્ન કરવા માટે માનસ યજ્ઞ કર્યો. ગર્ગાચાર્યજીના આ માનસ યજ્ઞની ભગવાન શિવજી અત્યંત સંતુષ્ટ થઈ પ્રસન્ન થયા. જ્યારે શિવજીએ ગર્ગાચાર્યજીને વરદાન માગવા કહ્યું ત્યારે ગર્ગાચાર્યજીએ દેવાધિદેવ મહાદેવ પાસે બે હાથ જોડી સ્તુતી કરી, પછી જ્ઞાન પ્રાપ્તિ માટે વિંનતી કરી. ભગવાન શિવજીએ મહર્ષિ ગર્ગાચાર્યજીને પ્રસન્નચિત્તે ચોસઠ કળાઓનું અદ્‌ભુત જ્ઞાન પ્રદાન કરી આર્શિવાદ આપ્યા. શિવજીની કૃપાથી જ તેમને એક સરખા સહસ્ત્ર બ્રહ્મવાદી પુત્રોની પ્રાપ્તી થઈ. પુત્રો સહિત દસ લાખ વર્ષનું આયુષ્ય તેમને પ્રાપ્ત થયું.

# વેરાવળ પાલીકાની સભા ડામરના પેચવર્કમાં અને સફાઈ કામગીરીમાં ભ્રષ્ટાચારના મુદે તોફાની બન્યું





**સામાન્ય સભા સહિતની કામગીરી મહિલા પ્રમુખના પતિદેવ ચલાવી ભ્રષ્ટાચાર આચરતા હોવાનો વિપક્ષનો ખુલ્લો આક્ષેપ : સભામાં સત્તાધારી ભાજપના ૭ અને કોંગ્રેસના ૫ સભ્યો ગેરહાજર રહ્યાના મુદે ગણગણાટ જોવા મળ્યો**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૪

વેરાવળ પાટણ પાલીકાની સામાન્ય સભા પ્રમુખ પલ્લવીબેન જાનીના અધ્યક્ષ સ્થાને ઉપપ્રમુખ જયેશ માલમડી, કારોબારી ચેરમેન ચંદ્રિકાબેન સિકોતરીયા, બાંધકામ ચેરમેન દિક્ષિતાબેન અઢીયા સહિત ભાજપ-કોંગ્રેસના ૩૨ નગરસેવકો, ચીફ ઓફીસર ચેતન ડુડિયાની હાજરીમાં મળી હતી. જયારે સત્તાધારી ભાજપના ૭ અને કોંગ્રેસના ૫ સભ્યો રજા રીપોર્ટ સાથે ગેરહાજર રહેતા ઉપસ્થિત સભ્યોમાં ગેરહાજરીને લઈ સુચક ગણગણાટ થઈ રહ્યો હતો. આ સભામાં કુલ ૩૨ ઠરાવો રજુ થયેલા જે તમામ ઉપર ચર્ચા કરી પસાર કરવામાં આવ્યા હતા. આ પાલીકાની સભામાં વિપક્ષના ગુલામ ખાન, અફઝલ પંજા અને અલ્તાફ ચૌહાણે શહેરમાં ડામરના રસ્તામાં પેચવર્કની કામગીરી પાછળ કરાયેલા રૂ.૪.૫ કરોડના ખર્ચમાં મોટો ભ્રષ્ટાચાર આચર્યો હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા. જયારે જોડીયા શહેરમાં સફાઈની કામગીરી પાછળ દર મહિને એક કરોડનો માતબર ખર્ચ કરવામાં આવતો હોવા છતાં સ્વચ્છતા ક્યાંય જોવા મળતી નથી. પાલીકાની અણઘડ કામગીરીના કારણે આજે પણ લોકોને સફાઈ, લાઈટ, પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ પુરતી મળતી નથી. તો ગટરોની, રખડતા ઢોરો જેવી સમસીયાઓ દિન પ્રતિદિન વિકરાળ બની રહી હોવા છતાં શાસકો નિંદ્રાધીન અવસ્થામાં સતા ભોગવી રહ્યા છે. આ તમામ મુદાઓ વિપક્ષના સભ્યોએ આક્રમક રીતે ઉપાડતા સભા તોફાની બની ગયેલ જેનો પ્રતિકાર કરવામાં શાસકો વાંમણા પુરવાર થતા જોવા મળતા હતા. શાસક પક્ષના મહિલા સભ્યોના પતિદેવો તમામ કામગીરીમાં હસ્તક્ષેપ કરીને ભ્રષ્ટાચાર આચરતા હોવાના આક્ષેપો કરતા વિપક્ષના અફઝલ પંજાએ જણાવેલ કે, આજની સભામાં પણ મહિલા પ્રમુખને દેવાના થતા જવાબો તેમના પતિ આપી રહ્યા હતા. જે બંધારણએ મહિલાઓને આપેલા શાસનના અધિકારને છીનવાતા હોવાનું પુરવાર કરે છે. આ ઘટના મહિલા ઉતકર્ષની વાતો કરતી ભાજપ પાર્ટીના મોં ઉપર તમાચા સમાન છે.

**સત્તાધારી ભાજપમાં આંતરીક ખેંચતાણ ચરમસીમાએ પહોંચ્યાની ચર્ચા....**

આ સભાની એકાદ કલાક પુર્વે સર્કીટ હાઉસમાં સત્તાધારી ભાજપના નગરસેવકોની સંકલન બેઠક મળી હતી. જેમાં હાજર ભાજપના સભ્યો વચ્ચે ઘણા મુદે સામ સામી ગરમા ગરમી થઈ હતી. જો કે, બેઠક પુર્ણ થયા બાદ બધા નગરસેવકોને પાલીકાની સભામાં જવાનું નિર્ધારીત હોવા છતાં અમુક સભ્યોએ રજા રીપોર્ટ મોકલીને ગેરહાજર રહ્યા હતા. જે ભાજપના નગરસેવકોમાં આંતરીક જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો હોવાની પુષ્ટી સમાન હોવાનું આધારભુત સુત્રોમાંથી જાણવા મળી રહેલ છે.

# જૂનાગઢ સહિત જીલ્લામાં અલગ અલગ દરોડાઓમાં ૨૩ જુગારીઓને જુગાર રમતા ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ સહિત જીલ્લામાં ગઈકાલે પોલીસે દરોડા પાડી ૨૩ જુગારીઓને જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસે સેજની ટાંકી નજીકથી કેતન ઉર્ફે ટેકુ હરીલાલ કોટકને વરલી મટકાના આંક ફરકનો જુગાર રમી રમતા ૫૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે મેંદરડા પોલીસે સુરજગઢ ગામેથી જીલુભાઈ લખમણભાઈ ગોવાળીયા, હરસુરભાઈ રામભાઈ કહોર, મેરામભાઈ અરજણભાઈ ચૌહાણ અને સવજીભાઈ ગોવીંદભાઈ ભડલીયાને રોન પોલીસ નામનો જુગાર રમતા ૧૫૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે જયારે ચોરવાડ પોલીસે ચોરવાડ બાયપાસ રોડ પરથી જાહેરમાં જુગાર રમતા રામભાઈ લખમણભાઈ કેશવાલા, કરણ ઉર્ફે કેશુ રણમલભાઈ ઓડેદરા, રણમલભાઈ સામતભાઈ મોઢવાડીયા, નવઘણભાઈ નાગાજણભાઈ ખુંટી અને વિજયભાઈ અરજણભાઈ કુછડીયા જાહેરમાં જુગાર રમતા ૧૦૧૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી ચોરવાડ પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે તેમજ ચોરવાડ પોલીસે સમઢીયાળા ગામેથી અયુબ હસન કલોયા, યોગેશ કચરાભાઈ વાજા, જયેશ નાથાભાઈ ગોહેલને ૫૨૨૦ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. માંગરોળ મરીન પોલીસે માંગરોળ બંદર નજીકથી જાહેરમાં જુગાર રમણા નિલેશ બાબુભાઈ ચાંમુડીયા, હરસુખ દેવાભાઈ થાપણીયા, હરજીવન હીરાભાઈ ભાદ્રેચા, રમેશ હીરાભાઈ હોદાર, જતીન જમનાદાસ હોદાર, યોગેશ મેધજી ગોધાવાલા, આશીષ કિશન જાવરીયા, મોહન ખીમજી ચાંમુડીયા, સતીષ જેરામભાઈ ગોસીયા, રચીન જમનાદાસ હોદાર રહે.માંગરોળ બંદરવાળાઓને ૧૦૭૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી માંગરોળ મરીન પોલીસ મથકે જુગાર ધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

# જૂનાગઢ જોષીપરા સબ પોસ્ટ ઓફીસની સરાહનીય કામગીરી



(પ્રકાશ ભાદરકા દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

સીનીયર સીટીઝન અને હેન્ડીકેપ સહીતનાં લોકો અને દર્દીઓ માટે ભારત સરકાર અને રાજય સરકારની વિવિધ સેવા માટે લાભાર્થી અરજદારોનાં ઘરે જવાની સુચના કરેલ છે. પરંતુ લોકોની અજ્ઞાનતાને કારણે આ સુવિધાનો ઉપયોગ કરી શકતા નથી અથવા જે તે વિભાગ દ્વારા કોઈ સુચના આપવામાં આવતી નથી ત્યારે આવા સંજોગોમાં મીઠી વીરડીની જેમ જૂનાગઢ જોષીપરા સબ પોસ્ટ ઓફીસની સેવા ઉડીને નજરે આવી છે.


પ્રાપ્ત વિગત અનુસાર જોષીપરા સબ પોસ્ટ ઓફીસનાં હેડ જે.કે. દવેનાં માર્ગદર્શન હેઠળ વી.કે. પંડયાએ સરદારપરાનાં એક વૃધ્ધ નાગરીકનો આધારકાર્ડમાં મોબાઈલ નંબર બદલવાનો હોવાથી વી.કે. પંડયાએ વૃધ્ધ નાગરીકનાં ઘરે જઈ અંગુઠો લઈ બંને વૃધ્ધ દંપતિ કે જે એક ચાલી શકતા નહતાં અને બીજા અંધ હતાં તે બંનેનાં અંગુઠા લઈ સરાહનીય કામગીરી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે જોષીપરા સબ પોસ્ટ ઓફીસમાં પાંચ પોસ્ટમેન કામ કરે છે, ૪ કલાર્ક, ૧ પોસ્ટ માસ્તરનો સારો સ્વભાવ ધરાવતો સ્ટાફ બેસે છે. વધુમાં પોસ્ટ ઓફીસનાં હેડ જે.કે. દવેએ જણાવેલ કે ઈન્ડીયન પોસ્ટલ બેંક દ્વારા ડોર સ્ટેપ પેમેન્ટની સુવિધા પણ ઉપલબ્ધ



છે. તેમજ કોઈપણ બેંકમાંથી રૂા. ૧૦ હજાર સુધીની રોકડ રકમ પોસ્ટમેન દ્વારા ઉપાડ થઈ શકે છે. તેમજ સીનીયર સીટીઝન અને હેન્ડીકેપ માટે ઘરે બેઠા સુવિધા પુરી પાડવામાં આવે છે.

# દ્વારકાના નાગરિકોમાં રાષ્ટ્રભાવના ઉજાગર કરતી તિરંગા યાત્રા





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૪

હર ઘર તિરંગા અભિયાન અન્વયે નાગરિકોમાં રાષ્ટ્રભાવના ઉજાગર થાય અને તિરંગા સાથેની આત્મીયતા વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી દ્વારકા ખાતે આજરોજ તિરંગા યાત્રા દ્વારા યોજાઈ હતી. હર ઘર તિરંગા અભિયાન અન્વયે સમગ્ર દેશમાં તિરંગા યાત્રાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે દ્વારકા ખાતે યોજાયેલી તિરંગા યાત્રામાં સ્થાનિકોમાં અનેરો જુસ્સો જોવા મળ્યો હતો. વંદે માતરમ્, ભારત માતા કી જયના જયઘોષ સાથે નીકળેલી આ તિરંગા યાત્રામાં સૌ કોઈએ જોડાઈ ગર્વભેર રાષ્ટ્રધ્વજ લહેરાવી રાષ્ટ્રભાવના ઉજાગર કરી હતી. આ યાત્રામાં અધિકારીઓ, પદાધિકારીઓ, અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં સ્થાનિકો જોડાઈને દેશપ્રેમ દર્શાવ્યો હતો.

# માંગરોળમાં દત્તક લીધેલ પુત્રનો વૃધ્ધ માતા પર હુમલો : બે સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

માંગરોળ તા.૧૪

માંગરોળના શક્તિનગર ટાઉનમાં રહેતા વૃધ્ધા પર દતક લીધેલ પુત્રએ હુમલો કરી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ માંગરોળ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે ભીનીબેન દેવાભાઈ કરમટાએ લાખાભાઈ રૂડાભાઈ કરમટા, વિવેકભાઈ લાખાભાઈ કરમટા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી નિઃસંતાન હોય જેથી આરોપી લાખાભાઈને દત્તક લીધેલ હોય અને વીલ આરોપીના નામે કરેલ હોય પરંતુ આરોપી ફરીયાદીની સારસંભાળ ન રાખતા, ફરીયાદી આરોપીને દત્તક પુત્ર તરીકે રાખવા ન માંગતા હોય જેનું મનદુઃખ રાખી આરોપીઓએ ફરીયાદીના ઘરે આવી, ઝઘડો કરી આરોપી લાખાભાઈ કરમટાએ ફરીયાદીને લાત મારી અહી તમારૂ કંઈ નથી તમે ઘરમાંથી નીકળી જાવ, નહી હવે હું તમને જીવતા નહી રહેવા દઉં તેમ કહી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માણાવદરમાં છાશવારે વીજકાપથી પ્રજા

**શહેર તથા તાલુકામાં ટીસી તથા પ્રજાના ઉપકરણોને નુકશાની કોના પાપે થઈ છે ? પ્રજાજનોનો પ્રશ્ન**

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧૪

માણાવદર શહેરમાં છાશવારે વીજકાપથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠયાની ફરીયાદો પ્રજાજનો કરી રહયા છે. ત્યારે કલાકોના કલાકો દિવસ હોય કે રાત પ્રજાજનોને વીજ પુરવઠો મળતો નથી. અગાઉ સારા અધિકારી હતા ત્યારે આટલો વીજકાપ ન હોતો. નવા અધિકારીની નિમણુંક બાદ જ આવા વીજકાપ દિવસ રાત થાયછે ત્યારે વીજીલન્સ તપાસ તથા પીજીવીસીએલ ચેરમેન આની સીધી તપાસ કરે તેવી લોકમાંગ છે. વીજ ફોલ્ટ રીપેર કરવા ૬થી ૭ કલાક એટલે કે કલાકોના કલાકો વીજકાપ રાખે છે છતાં વીજફોલ્ટના બહાના પ્રજાને સાંભળવા મળે છે તેવી ચર્ચા પ્રજાજનો કરે છે. શહેર તથા તાલુકામાં કેટલા ટીસી બળ્યા, જમ્પરો કેટલાં બળ્યાં, પ્રજાજનોના પાવર વધઘટ કે ફોલ્ટના કારણે વીજ ઉપકરણો કેટલા બળ્યા ? તેની વીજીલન્સ સીધી તપાસ કરવા લોકમાંગણી આમ જનતા માંગી રહી છે. સાથે જે જનતાના પરસેવાના રૂપિયાના ઉપકરણો બળ્યા તેને વળતર મળ્યું નથી ? તો તે મળે તે માંગ છે. આ બધા વચ્ચે ફરી તા.૧૪-૮-૨૪ના ફરી માણાવદર ટાઉન ફીડર સવારના ૭થી ૧૦ સુધી તથા સ્ટેશન પ્લોટ ૭ થી ૨ સુધી બંધ રહેવાના મેસેજ ધડાધડ ગ્રાહકોને વહેતા થતા ખળભળાટ મચાવી દીધો છે. એવી લોકમાંગ છે કે છેલ્લા ૪ મહિનામાં કેટલા ફોલ્ટ રીપેર કર્યા, કેટલી વખત વીજકાપ કેટલી કલાક બંધ કર્યુ ? તે જોવું રહયું.

# BCCIએ ઈન્ટરનેશનલ હોમ સીઝન (૨૦૨૪-૨૫) માટે સુધારેલા શેડ્યૂલની જાહેરાત કરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૪

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે મંગળવાર, ૧૩ મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ૨૦૨૪-૨૫ માટે ટીમ ઈન્ડિયા (સિનિયર મેન)ની આગામી હોમ સીઝન માટે અપડેટ શેડ્યૂલની જાહેરાત કરી હતી. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રથમ T20I, જે શરૂઆતમાં ધર્મશાલામાં ૬ઠ્ઠી ઓકટોબર ૨૦૨૪ના રોજ યોજાવાની હતી, તે હવે હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન દ્વારા ડ્રેસિંગ રૂમમાં અપગ્રેડ અને નવીનીકરણના કામને કારણે ગ્વાલિયરમાં થશે. ગ્વાલિયરમાં રમાયેલી મેચ શહેરના નવા સ્ટેડિયમ - શ્રીમંત માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ - અને ૨૦૧૦માં ઐતિહાસિક ભારત-દક્ષિણ આફ્રિકા ODI પછીની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચની નિશાની છે, જ્યાં મહાન સચિન તેંડુલકર બેવડી સદી ફટકારનાર પ્રથમ પુરૂષ ક્રિકેટર બન્યો હતો. બોર્ડે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ અને બીજી T20Iના સ્થળોની અદલાબદલીની પણ જાહેરાત કરી છે. ચેન્નાઈ, જે પહેલા પ્રથમ T20Iની યજમાની માટે સુનિશ્ચિત થયેલ હતું તે હવે બીજીની યજમાની કરશે જ્યારે કોલકાતા બીજાને બદલે શરૂઆતની T20Iની યજમાની કરશે, જેમ કે અગાઉ જાહેરાત કરવામાં આવી હતી. પ્રથમ T20I (૨૨ મી જાન્યુઆરી ૨૦૨૫) અને બીજી T20I (૨૫ મી જાન્યુઆરી ૨૦૨૫)ની તારીખો એ જ રહેશે. કોલકાતા પોલીસ દ્વારા ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળને તેમની અગાઉની પ્રજાસત્તાક દિવસની પ્રતિબદ્ધતાઓ અને જવાબદારીઓ અંગેની વિનંતીને પગલે સ્થળ બદલવાની જરૂર પડી હતી.

# જૂનાગઢ : જોષીપરા ગરનાળા નજીકથી બે શખ્સો ૧૦ બોટલ દારૂ સાથે ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢના જોષીપરા ગરનાળા નજીકથી બાઈક પર ૧૦ બોટલ દારૂ સાથે બે શખ્સોને બી ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે જોષીપરા ગરનાળા નજીકથી ગાડી પર જઈ રહેલા અકરમ સફીભાઈ બેલીમ અને ઉજૈબ ઈકબાલભાઈ બેલીમને રોકી તલાસી લેતા ૧૦ બોટલ વિદેશી દારૂ કિ.રૂા.૧૦ હજાર મળી આવતા પોલીસે બાઈક સહિત દારૂની બોટલો મળી કુલ રૂા.૪૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી બી ડીવીઝન પોલીસ મથકે પ્રોહીબીશન અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કેશોદના ખેડૂત દંપતીને ૧૫મી ઓગષ્ટ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્વારા મળ્યું નિમંત્રણ

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૪

કેશોદ શહેર માટે ગૌરવ આપતો પ્રસંગ બન્યો છે જેમાં કેશોદના ટીટોડી ગામનાં વતની ભરતભાઈ નસીત અને મીતાબેન નસીત દંપતીને રાષ્ટ્રપતિ દ્વારા નિમંત્રણ આપી આગામી ૧૫મી ઓગષ્ટ નિમિત્તે ઉપસ્થિત રહેવા વિશેષ આયોજનમાં સહભાગી થવા આમંત્રણ આપવામાં આવ્યું છે. કેશોદના ટીટોડી ગામનાં ભરતભાઈ નસીત અને મીતાબેન નસીત દંપતી એક અનોખી સિદ્ધિ રહેલી છે. તેઓએ ઓર્ગેનિક ખેતી દ્વારા શાકભાજીના દેશી બિયારણને બચાવવા એક બીજ બેક બનાવી છે. કેશોદના ટીટોડી ગામનાં નસીત દંપતી દ્વારા ભારત ભ્રમણ કરી ચારસો જેટલી પ્રજાતિના લુપ્ત થતાં બિયારણને બચાવવા ભગીરથ કાર્ય કર્યુંછે. કુદરતી રીતે પ્રાચીન સમયમાં ફળ ફળાદી, ઓસડીયા અને વનસ્પતિના ખજાનાથી જીવનધોરણ વણાયેલું હતું ત્યારે રાસાયણિક ખાતર જંતુનાશક દવાઓ અને સુધારેલા વધુ ઉત્પાદન આપતાં બિયારણનો આડેધડ ઉપયોગથી આદિકાળથી સચવાતા આરોગ્યપ્રદ ખેતપેદાશોનું નિકંદન નીકળી ગયું છે. કેશોદના ટીટોડી ગામનાં નસીત દંપતી દ્વારા છવ્વીસ રાજયોમાં પ્રવાસ કરી ડુંગરાળ પ્રદેશમાં આદીવાસી વિસ્તારમાં પહોંચી ફુલ છોડ વનસ્પતિ અને વૃક્ષોની ઉપયોગીતા ઉછેર અને માવજતની માહિતી એકઠી કરી ચારસો જેટલી પ્રજાતિના લુપ્ત થતાં બીજ એકઠાં કરીને બીજ બેક મારફતે વિતરણ અને સમગ્ર માહિતી આપવાનું અનોખું કાર્ય કરવામાં આવી રહ્યું છે. વર્ષોની ભરતભાઈ નસીત અને મીતાબેન નસીત દંપતીની અથાગ મહેનતનું આજે યોગ્ય સન્માન મળ્યું છે ભારત દેશના મહામાહીમ રાષ્ટ્રપતિ દ્વારા પંદરમી ઓગષ્ટ નિમિત્તે યોજાયેલા ખાસ



આયોજનમાં ઉપસ્થિત રહી સહભાગી બનવા આમંત્રણ આપવામાં આવતાં નાનકડાં એવા ટીટોડી ગામ અને કેશોદ શહેરમાં ગૌરવની લાગણી સાથે ખુશી વ્યાપી ગઈ છે. કેશોદના ટીટોડી ગામનાં ભરતભાઈ નસીત અને મીતાબેન નસીત દંપતી દિલ્હી ખાતે પહોંચી ગયા છે અને રાષ્ટ્રપતિના મહેમાન બનીને કેશોદને ગૌરવ અપાવ્યું છે.

# ભુતેશ્વર મહાદેવ ખાતે સવા લાખ બિલ્વપત્ર દ્વારા લીંગનું પૂજન કરાય છે




(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૧૪

વેરાવળ-કોડીનાર હાઈવે ઉપર વેરાન વગડામાં પ્રાચીન સમયથી ભુતડાદાદાનું સ્થાનક આવેલ છે. આ સ્થાનમાં દિગંબર સાધુ સરસ્વતીગીરી તપસીગીરીએ આવી અને પોતાનો આશ્રમ સ્થાપ્યો તેમજ ભુતેશ્વર મહાદેવની સ્થાપના કરી હતી. ત્યાં શ્રાવણ માસ દરમ્યાન સવાલાખ બિલ્વપત્રથી લીંગનું પૂજન -અર્ચન કરવામાં આવે છે. તેમજ દર સોમવારે ગામના બાળકોને પ્રેમથી બટુક ભોજન પણ કરાવવામાં આવે છે. જો કે તપસીબાપુ હાલ હયાત નથી પણ તેમના સ્થાને અન્ય બાપુ મહંત તરીકે સેવા-પુજા કરે છે તેમજ ગામ લોકોનો પણ ખુબજ સહકાર મળે છે.

# તાલુકા કક્ષાની શાળાકિય સ્પર્ધાનું મિડલ સ્કૂલ ભલગામ ખાતે આયોજન થયું

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૩

૨૦૨૪-૨૫ તાલુકા કક્ષાની શાળાકિય સ્પર્ધાનું મિડલ સ્કૂલ ભલગામ ખાતે આયોજન કરેલ હતું. જેમાં એથ્લેટિક કબ્બડી, ખો ખો અને વોલીબોલમાં જુદી જુદી ટીમ રમવા આવેલ હતી. જેમાં એથ્લેટિકમાં અલગ અલગ કેટેગરીમાં નંબર પ્રાપ્ત કરેલ હતા. જેમાં અંડર-૧૭ગોધાણી ધ્રુવી, અંડર-૧૭ વઘાસિયા ભાર્ગવ, દ્વિતીય અંડર-૧૪ સોલંકી શ્રુતિ લાંબીકુદ, દ્વિતીય અંડર-૧૭ પારગી રાહુલ ૮૦૦ મીટર પ્રથમ



આવેલ હતા અને ખો ખો અંડર-૧૭ ભાઈઓ અને બહેનો બને ટીમ પ્રથમ નંબર પ્રાપ્ત કરીને જિલ્લા કક્ષા એ રમવા ગયેલ હતા તેમ અંડર-૧૭ બહેનોએ જિલ્લામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ હતું. તે બદલ શાળાના પ્રિન્સિપાલ તેમજ વ્યાયામ શિક્ષક પરમાર તેમજ ઠુંમર તેમજ સરપંચ જયોત્સનાબેન ગોધાણીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.


શ્રી જુનાગઢ કેળવણી મંડળ

D.El.Ed.(P.T.C.) કોલેજ

પી.ટી.સી.મેનેજમેન્ટ કવોટા

પ્રવેશ વર્ષ ૨૦૨૪/૨૫


ગુજરાત રાજ્ય પ્રા.શિ.નિ.શ્રીના તા.૦૫/૦૭/૨૦૧૨ તથા તા.૧૩ /૦૮/૨૦૨૪ ના પરીપત્ર મુજબ શ્રી જુનાગઢ કેળવણી મંડળ D.El.Ed.(P.T.C.)કોલેજ જુનાગઢ માં મેનેજમેન્ટ કવોટાની ૧૫% બેઠકો પર પ્રવેશ આપવાનો છે. પ્રવેશ માટે ઈચ્છુક ઉમેદવારોને કેન્દ્રીય પ્રવેશ સમિતિના ધારા ધોરણ મુજબની લાયકાત માન્ય ગણાશે. તારીખ: ૧૬/૦૮/૨૦૨૪ થી તા.૨૦/૦૮/૨૦૨૪ સુધીમાં તમામ પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે રજી.એડી.થી અરજી કરવાની રહેશે.

શ્રી જુનાગઢ કેળવણી મંડળ પી.ટી.સી.કોલેજ.

સાબલપુર ચોકડી રેલ્વે ફાટક પાસે,ધોરાજી રોડ,જુનાગઢ.૩૬૨૦૦૧

ફોન:૦૨૮૫–૨૬૬૦૭૩૦ મો.નં. ૯૯૨૫૯૮૭૮૬૮

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



# ૭૮મું સ્વાતંત્ર્ય પર્વ ૨૦૨૪

રાજ્ય મહોત્સવ
૧૫ ઑગસ્ટ
ખેડા-નડિયાદ





## સ્વાતંત્ર્ય વીરો અને સંતોની તપોભૂમિ ખેડા-નડિયાદ ખાતે **૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી**

માનનીય મુખ્યમંત્રી

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની ઉપસ્થિતિમાં

રાજ્યકક્ષાનો ધ્વજવંદન સમારોહ

**તારીખ:** ૧૫ ઑગસ્ટ, ૨૦૨૪ **સમય:** સવારે ૯:૦૦ વાગે

**સ્થળ:** પરેડ ગ્રાઉન્ડ, એસ.આર.પી. ગ્રુપ–૭, કપડવંજ રોડ, નડિયાદ **જિલ્લો:** ખેડા

### પ્રગતિમય ગુજરાત થકી, વિકસિત ભારતનું નિર્માણ

પી.એમ. આવાસ યોજના : રાજ્યમાં **૧૪ લાખથી વધુ આવાસોનું** નિર્માણકાર્ય પૂર્ણ

સેમિકન્ડક્ટર ચીપ ક્ષેત્રે **ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ** બનશે ગુજરાત

"एक पेड़ माँ के नाम" અભિયાન હેઠળ રાજ્યમાં **૧૭ કરોડ રોપાઓનું** વાવેતર કરાશે

**સોલાર રૂફટોપમાં** ગુજરાત દેશભરમાં અગ્રેસર

વિશ્વના સૌથી મોટા **૩૭ ગીગાવૉટના સોલાર-વિન્ડ હાઈબ્રિડ એનર્જી પાર્કનું** કચ્છમાં નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ

**મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ:** રાજ્યમાં ૫૦ હજારથી વધુ વર્ગખંડો, ૧.૧૦ લાખ સ્માર્ટ ક્લાસરૂમ, ૨૧,૦૦૦ કમ્પ્યૂટર લેબ્સ અને ૫૦૦૦ STEM લેબ્સનું નિર્માણ

સ્પોર્ટ્સ ઈકો–સિસ્ટમને મજબૂત કરવા રાજ્યમાં જુદા જુદા સ્થળો પર **અત્યાધુનિક સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્ષનું** નિર્માણ થશે

કચ્છના **સ્મૃતિવનનો** યુનેસ્કો દ્વારા **વિશ્વના સૌથી સુંદર મ્યુઝિયમ્સની** યાદીમાં સમાવેશ

**વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનું નિર્માણ**



**સ્વાતંત્ર્ય પર્વની સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...**